
# પ્રકરણ : ૫ પંચપરાવર્તનરૂપ સંસાર

## પ્રકરણની રૂપરેખા

- ✪ પ્રાસ્તાવિક
- **૧. દ્રવ્યપરાવર્તન**
  - દ્રવ્યપરાવર્તનનું દુ:ખ
  - દ્રવ્યપરાવર્તનમાં મનુષ્યદ્રવ્યની દુર્લભતા
  - દ્રવ્યપરાવર્તનમાં મનુષ્યદ્રવ્યની મહત્તા
  - દ્રવ્યપરાવર્તનની અંચલિકા
- **૨. ક્ષેત્રપરાવર્તન**
  - ક્ષેત્રપરાવર્તનનું દુ:ખ
  - ક્ષેત્રપરાવર્તનમાં મનુષ્યક્ષેત્રની દુર્લભતા
  - ક્ષેત્રપરાવર્તનમાં મનુષ્યક્ષેત્રની મહત્તા
  - ક્ષેત્રપરાવર્તનની અંચલિકા
- **૩. કાળપરાવર્તન**
  - કાળપરાવર્તનનું દુ:ખ
  - કાળપરાવર્તનમાં મનુષ્યકાળની દુર્લભતા
  - કાળપરાવર્તનમાં મનુષ્યકાળની મહત્તા
  - કાળપરાવર્તનની અંચલિકા
- **૪. ભવપરાવર્તન**
  - ભવપરાવર્તનનું દુ:ખ
  - ભવપરાવર્તનમાં મનુષ્યભવની દુર્લભતા
  - ભવપરાવર્તનમાં મનુષ્યભવની મહત્તા
  - ભવપરાવર્તનની અંચલિકા
- **૫. ભાવપરાવર્તન**
  - ભાવપરાવર્તનનું દુ:ખ
  - ભાવપરાવર્તનમાં મનુષ્યભાવની દુર્લભતા
  - ભાવપરાવર્તનમાં મનુષ્યભાવની મહત્તા
  - ભાવપરાવર્તનની અંચલિકા




**પંચપરાવર્તનરૂપ સંસાર અને તેના દુ:ખોથી પાર ઉતરવા માટે માનવભવ કાર્યકારી દર્શાવતું ચિત્ર**

द्रव्य क्षेत्र अरु काल भव, भाव क्रम के थान ।
पंच परावर्तन अनंत कीये, भासे जैन पुराण ।।
काल अनंता यों बिता जग दुःख पूर्ण अतीव ।
मानवभव से पार लहै, दुःख में जग का जीव ।।

**ભાવાર્થ: દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ એ ક્રમના પાંચ પરાવર્તન અનંતવાર આ જીવે કર્યા છે તેમ જૈન પુરાણોથી જાણી શકાય છે. એક એક પરાવર્તન પૂરું થતાં અનંતકાળ જાય છે અને તેમાં જીવ અનંત દુ:ખો ભોગવે છે. તેથી આ પંચપરાવર્તનરૂપ સંસાર અત્યંત દુ:ખોથી ભરપૂર છે. આ પંચપરાવર્તનરૂપ સંસાર અને તેના દુ:ખોથી પાર ઉતરવા માટે માનવભવ કાર્યકારી છે.**

(કવિશ્રી નત્થમલ બિલાવાકૃત સંસારભાવનાના આધારે)

સંસારનો અર્થ સંસરણ છે. સંસરણ એટલે પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપમાંથી સરકી ગયેલી આત્માની અશુદ્ધ અવસ્થા છે. આ અશુદ્ધ અવસ્થા ચક્રની સમાન ગોળ ગોળ ફરતી હોય છે. જેમ ગોળ ગોળ ફરતા ચક્રને ક્યાંય સ્થિરતા કે વિસામો નથી તેમ ગોળ ગોળ ફરતાં સંસારરૂપી ચક્રમાં ક્યાંય સુખ કે શાંતિ નથી. જેમ ચક્રનું ભ્રમણ ત્રણ પ્રકારે હોય છે–

૧. પોતાની ધરીની આજુબાજુનું ધરીભ્રમણ કે પરિભ્રમણ (Rotation)

૨. પોતાના કેન્દ્રની આજુબાજુનું કક્ષાભ્રમણ કે પરિક્રમણ (Revolution) અને

૩. અનેક સ્થાને જઈ પોતાના મૂળ સ્થાને પાછા ફરવા રૂપ પરિવર્તન કે પરાવર્તન (Reflection).

તેમ સંસારરૂપી ચક્રનું ભ્રમણ ત્રણ પ્રકારે છે–

૧. મિથ્યાત્વરૂપી ધરીને ફરતું ૮૪ લાખ યોનિપ્રમાણ

જન્મ-મરણનું પરિભ્રમણ

૨. પૌદ્‌ગલિક ગતિનામકર્મના ઉદયરૂપી કેન્દ્રની આજુબાજુનું ચાર ગતિરૂપ પરિક્રમણ અને

૩. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ કોઇ સ્થાનેથી શરૂ કરી પોતાના મૂળ સ્થાને પરત આવવારૂપ પાંચ પ્રકારનું પરાવર્તન.

સંસારરૂપી ચક્રનું ત્રણ પ્રકારે ભ્રમણ એ જ સંસારનું ત્રણ પ્રકારનું સ્વરૂપ છે. સંસારના ત્રણ સ્વરુપ પૈકી જન્મ-મરણરૂપ સંસાર અને ચારગતિરૂપ સંસારની ચર્ચા આ અગાઉના પ્રકરણ : ૩ અને ૪ માં કરવામાં આવી છે. આ પ્રકરણમાં પાંચ પ્રકારના પરાવર્તનરૂપ સંસારની ચર્ચા કરવામાં આવે છે. પંચ પરાવર્તનરૂપ સંસાર એ એક વિશાળ વિષય છે. વળી તે ગહન અને ગંભીર છે. બહુધા સમાજ તેનાથી પરિચિત નથી. તેથી તેના માટે એક અલગ પુસ્તકની આવશ્યકતા રહે છે.અહીં માત્ર એક પ્રકરણમાં તેની સંક્ષિપ્ત સમજૂતી છે. આ સમજૂતી શક્ય તેટલી સરળ અને સુગમ રહે તેવી કાળજી રાખવામાં આવી છે તેમ છતાં તે અઘરી અને અટપટી લાગે તે બનવા જોગ છે. તોપણ આ વિષય સંસાર પ્રત્યેનો તીવ્ર વૈરાગ્યવર્ધક અને આત્મહિત માટે ઉત્કટ પુરુષાર્થ પ્રેરક છે. તેથી આ પ્રકરણનો ફરી ફરી કાળજીપૂર્વકનો સ્વાધ્યાય અપેક્ષિત છે.

પંચપરાવર્તનરૂપ સંસાર નિશ્ચય જીવરાશિ એટલે કે નિત્ય નિગોદના જીવો નિગોદમાંથી ક્યારેય બહાર આવ્યા ન હોવાથી તેમને લાગું પડતું નથી. તેથી તે નિત્ય નિગોદ સિવાયના બાકીના સંસારી જીવો એટલે કે વ્યવહાર જીવરાશિના જીવોને લાગું પડે છે. તેમાંય જ્ઞાની જીવો આ પરાવર્તનમાંથી બહાર નીકળી ગયા હોવાથી તેમને પણ લાગું પડતું નથી. તેથી વ્યવહાર જીવરાશિના માત્ર અનાદિ અજ્ઞાની જીવોને જ તે લાગું પડે છે.

૧. દ્રવ્યપરાવર્તન ૨. ક્ષેત્રપરાવર્તન ૩. કાળપરાવર્તન ૪. ભવપરાવર્તન અને ૫. ભાવપરાવર્તન એ ક્રમના પાંચ પ્રકારના પરાવર્તન આ જીવ અનાદિકાળથી કરતો આવ્યો છે. આ પાંચેય પ્રકારના પરાવર્તન એક સાથે સતત ચાલ્યા કરતાં હોવાથી તેમાં ક્રમનું કોઇ મહત્વ નથી. તોપણ આ પરાવર્તન પૂરો થવામાં જોઇતાં કાળનું ઉત્તરોત્તર અધિકપણું સૂચવવા પંચપરાવર્તનને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ એ ક્રમમાં દર્શાવવામાં આવે છે. સૌ પ્રથમ દ્રવ્યપરાવર્તન પૂરું થતાં સૌથી ઓછો તોપણ અનંતકાળ થાય છે. આ અનંતકાળના અનંતમાં ભાગમાં પણ અનંત સાગરોપમ જેટલો કાળ પસાર થઇ જાય છે. તેના કરતાં અનંતગણો વધુ કાળ ક્ષેત્રપરાવર્તનમાં અને તે રીતે ઉત્તરોત્તર અનંતગણો વધુ કાળ કાળપરાવર્તન, ભવપરાવર્તન અને ભાવપરાવર્તનમાં થાય છે. આ રીતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ પરાવર્તનમાં ઉત્તરોત્તર અનંતગણો વધુ કાળ જોઇએ છીએ. આનાથી ઊલટા પ્રકારે બીજી રીતે જોઇએ તો એક ભાવપરાવર્તન પૂરું થતાં સૌથી વધુ કાળ થાય છે. એક ભાવપરાવર્તન પૂરું થાય તેટલાં કાળમાં અનંત ભવપરાવર્તન પૂરું થાય છે. એક ભવપરાવર્તન પૂરૂં થાય તેટલાં વખતમાં અનંત કાળપરાવર્તન પૂરાં થાય છે. એક કાળ પરાવર્તન જેટલા સમયમાં અનંત ક્ષેત્ર પરાવર્તન અને એક ક્ષેત્ર પરાવર્તન જેટલાં કાળમાં અનંત દ્રવ્ય પરાવર્તન પૂરાં થાય છે. આ રીતે ભાવ-ભવ-કાળ-ક્ષેત્ર-દ્રવ્ય પરાવર્તનની સંખ્યા ઉત્તરોત્તર એકબીજાથી અનંતગણી છે. અનાદિકાળથી પંચપરાવર્તન કરતો જીવ અનેક પ્રકારનાં દુ:ખો ભોગવે છે.


આત્માનું કોઇપણ કાર્ય નિશ્ચયથી પોતાના પુરુષાર્થરૂપ ઉપાદાન કારણને અનુસરીને હોવા છતાં વ્યવહારથી તે સમયના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ નિમિત્ત કારણને અનુસરીને હોય છે. પાંચેય પ્રકારનાં પરાવર્તન પૈકી ભવપરાવર્તનના કોઇપણ ભવમાં બાકીનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો એવો યોગ હોય છે કે જે જીવને દુ:ખરૂપ જ હોય અને તેથી મનુષ્યભવમાં પણ તે દુ:ખરૂપ જ હોય છે. તોપણ મનુષ્યભવમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો એવો સુયોગ પણ ક્યારેક સાંપડે છે કે જેથી આત્મહિતનું કાર્ય પણ થઇ શકે છે. વર્તમાન મનુષ્યભવમાં આપણને અત્યારે જે મનુષ્યનો દેહ, મનુષ્યનું ક્ષેત્ર, અવસર્પિણીનો આત્મહિતને યોગ્ય પંચમકાળ અને આત્મહિતને યોગ્ય ભાવનો સુયોગ છે કે જેથી આત્મહિત થઇ શકે છે. વર્તમાન મનુષ્ય ભવમાં સંપ્રાપ્ત આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સુયોગનો સ્વભાવ-સન્મુખતાના પુરુષાર્થ વડે સમુચિત લાભ લેવામાં આવે તો આ પાંચેય પ્રકારના પરાવર્તન અને તેના દુ:ખોથી છૂટકારો મેળવી મોક્ષદશા અને તેના સુખની પ્રાપ્તિ થાય છે. તેથી આ પંચપરાવર્તનમાં મનુષ્ય પર્યાય અને તેમાંય આત્મહિત માટે યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવની મહત્તા સમજી સ્વભાવ-સન્મુખતાના સવળા પુરુષાર્થ વડે આત્મહિત સાધવું એ જ આપણું કર્તવ્ય છે.

૧. દ્રવ્યપરાવર્તન ૨. ક્ષેત્રપરાવર્તન ૩. કાળપરાવર્તન ૪. ભવપરાવર્તન અને ૫. ભાવપરાવર્તન એ પાંચેય પ્રકારના સંસારી જીવના પરાવર્તનની સમજૂતી, તેમાંનુ દુઃખ અને તેમાં પ્રાપ્ત થતા મનુષ્ય જીવનની દુલર્ભતા અને મહત્તા આ નીચે આપવામાં આવે છે.

## ૧. દ્રવ્યપરાવર્તન

**પુદ્ગલદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગરૂપ સંસારી જીવના પરિવર્તનને દ્રવ્યપરાવર્તન કહે છે.**

દ્રવ્યપરાવર્તન પુદ્ગલદ્રવ્ય સાથે સંબંધિત હોવાથી તેને પુદ્ગલપરાવર્તન પણ કહે છે. દ્રવ્યપરાવર્તનમાં સંસારી જીવ પુદ્ગલ દ્રવ્યનાં પરમાણુઓનાં બનેલા સ્કંધોનું ગ્રહણ નોકર્મ કે કર્મપણે નિરંતર કરતો રહે છે. ઔદારિક, વૈક્રિયિક, તૈજસ જેવા શરીર તેમજ આહાર, શ્વાસોચ્છ્વાસ, ઇન્દ્રિય, ભાષા, મન જેવી પર્યાપ્તિને નોકર્મ કહે છે. સંસારી જીવ સાથે સંબંધિત જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, આયુ, ગોત્ર, અંતરાય જેવા આઠ પ્રકારના દ્રવ્યકર્મોને કર્મ કહે છે. દ્રવ્યપરાવર્તન નોકર્મ અને કર્મના ગ્રહણપણે હોવાથી તે નોકર્મદ્રવ્યપરાવર્તન અને કર્મદ્રવ્યપરાવર્તન એમ બે પ્રકારે છે.


• ગૃહિત, ◎અગૃહિત અને ◎ મિશ્ર પુદ્ગલદ્રવ્યને નોકર્મને કર્મરૂપે ગ્રહણ કરીને દ્રવ્યપરાવર્તન દર્શાવતું ચિત્ર

**નોકર્મદ્રવ્યપરાવર્તન** : કોઇ એક જીવે નવું પરાવર્તન શરૂ કરવાના પ્રથમ સમયે પોતાના તે સમયના શરીર અને પર્યાપ્તિને યોગ્ય નોકર્મરૂપ અવસ્થા માટે કેટલાંક સાનુકૂળ પુદ્ગલ પરમાણુઓને તેના સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિના જે પ્રકારના પરિણામ હોય તે પ્રકારે ગ્રહણ કર્યા અને ત્યારપછી તે પરમાણુઓને પોતાની સ્થિતિ પૂરી થયે બીજા, ત્રીજા.. જેવા જુદા જુદા સમયે છોડી દીધા. સંસારી જીવનું દરેક સમયે નોકર્મપણે પુદ્ગલ પરમાણુઓનું ગ્રહણ સતત ચાલું જ હોય છે. આ ગ્રહણમાં તે અગાઉ ક્યારેય ગ્રહણ ન કરેલા હોય તેવા અગૃહિત, અગાઉ ક્યારેક ગ્રહણ કરેલા હોય તેવા ગૃહિત તથા અગૃહિત અને ગૃહિત બંને પ્રકારના પરમાણુઓ ભેગા હોય તેવા મિશ્ર પરમાણુઓના સ્કંધનું અનંતવાર ગ્રહણ કરીને છોડે છે. ત્યારપછી અગાઉ જે પરાવર્તનના પ્રથમ સમયે ગ્રહણ કરેલા તે જ અને તેટલા જ પરમાણુઓ તે જ પ્રકારના સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિના જે પરિણામ હોય તે પ્રકારે પોતાના શરીરાદિ પર્યાપ્તિને યોગ્ય નોકર્મરૂપ અવસ્થા માટે ફરીથી ગ્રહણ પામે ત્યારે એક નોકર્મદ્રવ્યપરાવર્તન પૂરું થાય છે. આ નોકર્મદ્રવ્યપરાવર્તન પૂરું થતાં અનંતકાળ જોઇએ છે.

**કર્મદ્રવ્યપરાવર્તન** : નોકર્મદ્રવ્યપરાવર્તનની જેમ જ તેની સાથે સાથે કર્મદ્રવ્યપરાવર્તન પણ ચાલુ જ હોય છે અહીં પરાવર્તનના પ્રથમ સમયે સંસારી જીવના જ્ઞાનાવરણીય આઠ પ્રકારના કર્મોને યોગ્ય તે પ્રકારના તીવ્ર-મધ્યમ-મંદભાવરૂપ કાર્મણવર્ગણાઓનું કર્મપણે ગ્રહણ થાય છે. અહીં તે ગ્રહણ થયેલા કર્મ તેના અબાધાકાળ પછી તેના ક્રમમાં નિર્જરી જાય છે. આયુષ્ય કર્મનું ગ્રહણ સમગ્ર જીવન દરમ્યાન એક ભવમાં એક જ વાર થાય છે અને બાકીના સાત પ્રકારના કર્મોનું ગ્રહણ નિરંતર હોય છે. અહીં પણ અગૃહિત, ગૃહિત અને મિશ્ર પરમાણુઓને અનંતવાર ગ્રહણ કરીને છોડે છે, ત્યારપછી અગાઉ જે પરાવર્તનના પ્રથમ સમયે ગ્રહણ કરેલ તે જ અને તેટલા જ પરમાણુઓ તે જ પ્રકારના તીવ્ર-મધ્યમ-મંદભાવરૂપ હોય તે પ્રકારે ફરીથી તે જ પ્રકારના જ્ઞાનાવરણીયાદિ કર્મોપણે ગ્રહણ પામે ત્યારે એક કર્મદ્રવ્યપરાવર્તન પૂરું થાય છે. આ કર્મદ્રવ્યપરાવર્તન પૂરું થતાં પણ અનંતકાળ જોઇએ છે.

નોકર્મ અને કર્મ એમ બંને પ્રકારના પરાવર્તન પૂરા થાય ત્યારે એક દ્રવ્યપરાવર્તન પૂરું થયેલ ગણાય છે અને આ દ્રવ્યપરાવર્તન પૂરું થતાં અનંતકાળ જોઇએ છે.

**પ્રશ્ન : એક દ્રવ્યપરાવર્તન પૂરું થવું એટલે શું ? અને તે પૂરું થતાં અનંતકાળ કઈ રીતે જોઈએ છે ?**

**ઉત્તર** : સંસારી અજ્ઞાની જીવને પાંચેય પ્રકારના પરાવર્તનો એક સાથે અવિરતપણે ચાલ્યા કરે છે. જેમ કોઇ એક વર્તુળાકાર પરિઘના જે બિંદુએથી શરૂ કરીને ફરી પાછા તે જ બિંદુએ પરત પહોંચીએ ત્યારે એક આંટો પૂરો થયેલ ગણાય છે, તેમ કોઇ પરાવર્તન જ્યાંથી શરૂ કરીએ ત્યાં જ ફરી પરત

પહોંચીએ ત્યારે એક પરાવર્તન પૂરું થયેલ ગણાય છે. એક દ્રવ્યપરાવર્તન પૂરું થવા માટે તે શરૂ થવાના પ્રથમ સમયે જે પુદ્‌ગલ પરમાણુઓનું ગ્રહણ થાય અને ફરી પાછા તે જ પરમાણુઓ તે જ સ્વરૂપે ફરીથી ગ્રહણ થાય ત્યારે એક દ્રવ્યપરાવર્તન પૂરું થયેલ ગણાય છે.

દ્રવ્યપરાવર્તનના પ્રથમ સમયે અને પ્રત્યેક સમયે અનંત પુદ્‌ગલ પરમાણુઓનું ગ્રહણ હોય છે. આ દરેક પરમાણુઓના સ્પર્શાદિ અનંત ગુણો હોય છે અને તેની શીતાદિ અનેક અવસ્થાઓ હોય છે. આ શીતાદિ દરેક અવસ્થા પણ તીવ્ર-મધ્યમ-મંદભાવરૂપ અનેક પ્રકારે હોય છે. દ્રવ્યપરાવર્તનમાં પરમાણુઓનું ગ્રહણ સ્કંધરૂપે હોય છે. આ સ્કંધ ગૃહિત, અગૃહિત કે મિશ્ર પરમાણુઓનો બનેલો હોય છે. પરાવર્તનના પ્રથમ સમયે ગ્રહણ થયેલ પરમાણુઓ સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિ જે ભાવરૂપે હોય તે જ ભાવરૂપે તે જ પરમાણુઓ ફરીથી ગ્રહણ થવા માટે યોગ્ય પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સંસ્કારિત થવું જરૂરી હોય છે. આ માટે સૌ પ્રથમ અગૃહિતને નિરંતર અનંતવાર ગ્રહણ કરે ત્યારે એક વાર મિશ્રનું ગ્રહણ થાય છે. ફરી પાછું નિરંતર અનંત વાર અગૃહિતનું ગ્રહણ થાય ત્યારે ફરી એક વાર મિશ્રનું ગ્રહણ થાય છે. આ રીતે મિશ્રનું ગ્રહણ પણ અનંત વાર થાય છે. ત્યાર પછી આ જ રીતે અનંત વાર અગૃહિતનું ગ્રહણ થયા પછી એક વાર ગૃહિતનું ગ્રહણ થાય છે. આ રીતે ગૃહિતનું ગ્રહણ પણ અનંતવાર થાય ત્યારે અગૃહિત સંબંધી પરાવર્તનનો પ્રથમ તબક્કો પૂરો થાય છે. આ રીતે પરાવર્તનનો મિશ્ર સંબંધી ઊલટોસૂલટો બીજો અને ત્રીજો તબક્કો પૂરો થાય છે.અહીં મિશ્ર સાથે અનુક્રમે પહેલા ગૃહિત અને પછી અગૃહિત એ ઊલટો એટલે કે બીજો તબક્કો તેમ જ મિશ્ર સાથે અનુક્રમે અગૃહિત અને ગૃહિતનો સુલટો એ ત્રીજો તબક્કો છે. ત્યાર બાદ ગૃહિત સંબંધી ચોથો તબક્કો પણ પૂરો થાય ત્યારે તેના તે જ પરમાણુઓ ફરી પાછા મૂળ પ્રથમ સમયની અવસ્થારૂપે ફરી ગ્રહણ થાય છે. તે સમયે એક દ્રવ્યપરાવર્તન પૂરું થયેલું કહેવાય છે. અહીં દ્રવ્યપરાવર્તનનો પ્રથમ તબક્કો પૂરો થતાં જ અનંત કાળ જોઇએ છે તો ચારેય તબક્કાઓ પૂરા થતાં અનંત કાળ જોઇએ તે સમજી શકાય છે. (આ બાબતની વિસ્તૃત જાણકારી અને તે સંબંધી સંદૃષ્ટિના કોષ્ટકની વિગત ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૫૬૦ની ટીકામાંથી જાણી શકાય છે.)

**પ્રશ્ન : જેનો અંત ન આવે તેને અનંત કહેવાય પણ દ્રવ્યપરાવર્તનનો અંત આવે છે તો તેને અનંત કેમ કહેવાય ?**

**ઉત્તર :** જેનો અંત ન આવે તેને અનંત કહેવાય તે બાબત સૈદ્ધાંતિક રીતે બરાબર છે. તોપણ અલ્પજ્ઞ દ્વારા જેનો અંત પામી શકાતો નથી તેને પણ અનંત કહેવાય છે. જે સંખ્યા '**છદ્મસ્થ** જીવના કોઇપણ જ્ઞાનનો વિષય ન હોય અને માત્ર સર્વજ્ઞના અનંતજ્ઞાન એવા કેવળજ્ઞાનનો જ વિષય હોય તેને પણ વ્યવહારથી કે ઉપચારથી અનંત કહેવાય છે. ઉપચરિત અનંત રાશિ સંખ્યામાં દર્શાવી શકાય છે અને સંખ્યાનો ક્ષય શક્ય હોવાથી તે સક્ષય અનંત છે. પણ જે રાશિની નવીન વૃદ્ધિ ન હોવા છતાં નિરંતર ગમે તેટલું ખર્ચ કરવા છતાં જેનો અંત ન આવે તેને અક્ષય અનંત કે નિશ્ચયથી અનંત કહેવાય છે.

જે સંખ્યા '**યુગપદ** પ્રત્યક્ષપણે શ્રુતકેવળીના ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનનો વિષય બની શકે ત્યાં સુધીની સંખ્યાને સંખ્યાત કહેવામાં આવે છે. જે સંખ્યા શ્રુતજ્ઞાનનો નહિ પણ યુગપદ પ્રત્યક્ષપણે અવધિજ્ઞાનનો ઉત્કૃષ્ટ વિષય બની શકે તે સંખ્યાને અસંખ્યાત કહેવામાં આવે છે. પણ જે સંખ્યા યુગપદ પ્રત્યક્ષપણે શ્રુતજ્ઞાન કે અવધિજ્ઞાન જેવા છદ્મસ્થના કોઇપણ જ્ઞાનનો વિષય ન હોય અને માત્ર કેવળજ્ઞાનનો એટલે કે અનંતજ્ઞાનનો જ વિષય હોય તેને ઉપચરિત અનંત કહેવામાં આવે છે. દ્રવ્યપરાવર્તન ઉપચરિત અનંત હોવાથી દ્રવ્યપરાવર્તન પણ પૂરું થાય છે. અનાદિકાળથી સંસારમાં રખડતા આ જીવે આવા દ્રવ્યપરાવર્તનો પણ એક બે વાર નહિ પણ અનંતવાર પૂરા કર્યા છે.

**પ્રશ્ન : એક દ્રવ્યપરાવર્તન પૂરું થતા પણ અનંતકાળ જોઈએ છીએ અને આવા દ્રવ્ય પરાવર્તનો પણ આ જીવે અનંતવાર પૂરા કર્યા છે તે કઈ રીતે ?**

**ઉત્તર :** આ જીવ આજકાલનો નથી પણ અનાદિકાળનો છે. અનાદિકાળથી આજ સુધીમાં અનંતકાળ પસાર થઇ ગયો છે. આ અનંતકાળ ઉપચરિત નહિ પણ પારમાર્થિક અનંત છે અને તેથી તે સક્ષય અનંત નહિ પણ અક્ષય અનંત છે. આવા એક અક્ષય અનંતમાં અનંતાનંત સક્ષય અનંત સમાઇ જાય છે. અક્ષય અનંતકાળમાં સતતપણે આવા દ્રવ્યપરાવર્તન પામતો જીવ અનંતવાર તે પરાવર્તન પામ્યો છે. આ પરાવર્તન દરમ્યાન સંસારી જીવ અનંત દુ:ખો ભોગવે છે.

## દ્રવ્યપરાવર્તનનું દુઃખ




દ્રવ્યપરાવર્તન પામતો સંસારી જીવ પ્રત્યેક સમયે અનંત પુદ્ગલ પરમાણુઓને નોકર્મ અને કર્મપણે ગ્રહણ કરી પછી એનો ત્યાગ કરે છે. પુદ્ગલ દ્રવ્યનાં ગ્રહણ-ત્યાગરૂપ આ દ્રવ્યપરાવર્તન અત્યંત દુઃખદાયી છે.

સંસારી જીવનું પુદ્ગલ દ્રવ્યનું ગ્રહણ તેના યોગના કંપનના કારણે હોય છે અને તેથી તે અત્યંત કષ્ટદાયી છે. વળી આ પુદ્ગલ દ્રવ્યના ગ્રહણના કારણે જીવની દશા પરાધીન અને બંધનરૂપ બને છે અને તેથી પણ તે દુઃખદાયી છે.

સંસારી જીવના મોહને કારણે તેને ગ્રહણ પામેલા પુદ્ગલ દ્રવ્ય સાથે એકત્વ અને મમત્વ રહ્યા કરે છે. તેથી આ ગ્રહણ પામેલા પુદ્ગલ દ્રવ્યનો ત્યાગ પણ મોહી જીવને મહાદુઃખદાયી છે. આ રીતે દ્રવ્યપરાવર્તન દુઃખદાયી જાણવું. પરંતુ આ પરાવર્તન અને તેના દુઃખોથી છૂટવાનો ઉપાય મનુષ્ય દેહમાં છે. પરંતુ આ દ્રવ્યપરાવર્તનમાં મનુષ્ય દેહની એટલે કે મનુષ્ય દ્રવ્યની પ્રાપ્તિ દુર્લભ છે.




## દ્રવ્યપરાવર્તનમાં મનુષ્ય દ્રવ્યની દુર્લભતા

પુદ્ગલ દ્રવ્યનું નોકર્મ અને કર્મરૂપ દ્રવ્યપરાવર્તન પૂરું થતાં અનંતકાળ જોઇએ છે. તેમાં સંસારી જીવનો મોટાભાગનો દ્રવ્યપરાવર્તનનો કાળ તો અસંજ્ઞીપણે જ હોય છે. દ્રવ્યપરાવર્તનના કાળમાં સંજ્ઞીપણું સંભવે તોપણ મનુષ્યના દેહને યોગ્ય કર્મ અને નોકર્મનું ગ્રહણ ભાગ્યે જ બને છે. બીજા અનંત દેહ ધારણ કરે ત્યારે એકાદ મનુષ્યનો દેહ પ્રાપ્ત થાય છે અને તે મનુષ્યદેહમાં પણ પાંચ ઇન્દ્રિયો અને મનની પૂર્ણતા હોય તેવો અને આત્મહિતને યોગ્ય મનુષ્ય દેહ એટલે કે મનુષ્ય દ્રવ્ય ભાગ્યે જ પ્રાપ્ત થાય છે.




કોઇ વિશાળ વૃક્ષ બળીને ખાક થઇ જાય અને તેના પરમાણુઓ રાખ અને ધૂમાડો થઇ ચારે બાજુ વિખરાઇ જાય, ત્યારપછી તે જ વૃક્ષના તે જ પરમાણુઓ ફરી પાછા તે જ સ્થળે તે જ પ્રકારના તેવા જ વૃક્ષના મૂળ સ્વરૂપે મળવા દુર્લભ છે. તેટલું જ દુર્લભપણું દ્રવ્યપરાવર્તનમાં મનુષ્યદ્રવ્યનું એટલે કે મનુષ્યદેહનું પ્રાપ્ત થવાનું છે. પરંતુ આ દ્રવ્યપરાવર્તનમાં આત્મહિતને યોગ્ય એવા મનુષ્ય દ્રવ્યની પ્રાપ્તિ થાય તો પાંચેય પરાવર્તનનો અંત આવી શકે તેવા ઉપાય તેમાં શક્ય છે. આત્મહિતને યોગ્ય હોય એવો મનુષ્યદેહ પ્રાપ્ત થવો તે જ દ્રવ્યપરાવર્તનમાં મનુષ્યદ્રવ્યની મહત્તા છે.

## દ્રવ્યપરાવર્તનમાં મનુષ્ય દ્રવ્યની મહત્તા

સંસારચક્રમાં ઘૂમતો અને દ્રવ્યપરાવર્તન પામતો સંસારીજીવ સતતપણે અનેક પ્રકારના પુદ્ગલ પરમાણુઓને નોકર્મ અને કર્મપણે ગ્રહણ કરે છે. નોકર્મ દ્રવ્યપરાવર્તનમાં મનુષ્યદેહ મળે તેવા નોકર્મની પ્રાપ્તિ મહામુશ્કેલ છે અને કર્મદ્રવ્યપરાવર્તનમાં પણ મનુષ્ય ગતિનામકર્મ અને મનુષ્ય આયુષ્યનો ઉદય બને તેવા કર્મનું ગ્રહણ પણ દુર્લભ છે.

આ મનુષ્યના દેહમાં પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા અને તેના વિષયોની સુલભતા હોય છે. અજ્ઞાની જીવ આ વિષયોના ભોગોપભોગમાં જ મનુષ્ય દેહની મહત્તા માની તેમાં જ પોતાના જીવનને ગુમાવી બેસે છે. પણ તેની વાસ્તવિક મહત્તા આત્મહિતમાં સમાયેલી છે. કેમ કે, આ મનુષ્ય જીવનમાં આત્માની સાચી સમજણ થઇ શકે તેવા મનુષ્યના મનની ઉત્કૃષ્ટતા અને સંયમનું સાધન બની શકે તેવા મનુષ્યના દેહની યોગ્યતા છે. જે જીવ આ બાબત સમજી શકે તે મનુષ્ય જીવનનો સદુપયોગ આત્મહિતમાં કરી સમ્યગ્દર્શન અને સંયમના સાધન વડે સિદ્ધદશાની પ્રાપ્તિ કરે છે એટલે કે, મનુષ્યના શરીરનો આત્મહિત માટેનો સદુપયોગ અશરીરી સિદ્ધદશાની પ્રાપ્તિ કરાવે છે. તેથી આ પરાવર્તનો અને તેના દુઃખોનો અંત આવે છે. તેથી આ દ્રવ્યપરાવર્તનમાં મનુષ્ય દ્રવ્યની મહત્તા આત્મહિતના સાધનમાં જ છે.

## દ્રવ્યપરાવર્તનની અંચલિકા

પુદ્ગલ દ્રવ્યના કર્મ-નોકર્મપણે થતા ગ્રહણ-ત્યાગને કારણે થતા સંસારી જીવના ભ્રમણને દ્રવ્યપરાવર્તન કહે છે. એક દ્રવ્યપરાવર્તન પૂરું થતાં પણ અનંતકાળ જોઇએ છીએ અને તે દરમ્યાન જીવ અનંત દુઃખને પામે છે. આ પરાવર્તન અને તેનાં દુઃખોનું મૂળ કારણ મિથ્યાત્વ છે. દ્રવ્યપરાવર્તન દરમ્યાન જીવ અનેક પ્રકારના દેહોને યોગ્ય અનેક પ્રકારના કર્મ અને નોકર્મને પ્રાપ્ત કરે છે ત્યારે મનુષ્યના એકાદ દેહને યોગ્ય કર્મ અને નોકર્મને પ્રાપ્ત કરે છે, તેથી આ દ્રવ્ય પરાવર્તન દરમ્યાન બીજા અસંખ્ય અને અનંત દેહો મળે ત્યારે ભાગ્યે જ મનુષ્યનો એક દેહ મળે છે. આ મનુષ્ય દેહમાં પાંચ ઈન્દ્રિયોની પૂર્ણતા અને વિષયોની ઉપલબ્ધિ હોવાથી ભોગ-ઉપભોગની સુલભતા છે પણ તેની સાથે સાથે મનુષ્ય દેહમાં આત્માની સમજણ અને સંયમની સુલભતા પણ હોય છે. મનુષ્ય દેહમાં સંપ્રાપ્ત આ સમજણ અને સંયમનો સદુપયોગ કરી મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ શકે છે અને તેથી મિથ્યાત્વને કારણે થતા પરાવર્તન અને તેના દુઃખોનો અંત આણી સમ્યક્ત્વને કારણે થતા મોક્ષમાર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે અને તેમાં જ આ મનુષ્ય દેહની સાર્થકતા છે. મુનિવર શ્રી કાર્તિકેયના કથન અનુસાર–




बंधदि मुंचदि जीवो पडिसमयं कम्मपुग्गला विविहा।
णोकम्मपुग्गला वि य मिच्छत कषाय संजुतो ॥

**ભાવાર્થઃ આ સંસારી જીવ મિથ્યાત્વ અને કષાયોને વશ થઈને આ લોકમાં રહેલા અનેક પ્રકારનાં જ્ઞાનાવરણાદિ કર્મ પુદ્ગલો તથા ઔદારિકાદિ શરીરરૂપ નોકર્મ પુદ્ગલોને સમયે સમયે બાંધે છે અને છોડે છે અને તેથી થતા પુદ્ગલપરાવર્તનને પામે છે.** (મનુષ્ય જીવનમાં આ મિથ્યાત્વને મટાડે તો આ પુદ્ગલપરાવર્તન અને તેના દુઃખોનો અંત આણી શકાય છે). (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૬૭)

## ૨. ક્ષેત્રપરાવર્તન

**સ્વક્ષેત્રરૂપ સંસારી જીવની જઘન્યથી ઉત્કૃષ્ટ અવગાહના તેમજ પરક્ષેત્રરૂપ લોકાકાશના પ્રત્યેક પ્રદેશે જન્મવારૂપ સંસારી જીવના ભ્રમણને ક્ષેત્રપરાવર્તન કહે છે.**

ક્ષેત્રપરાવર્તનમાં સંસારી જીવની જઘન્યથી ઉત્કૃષ્ટ દેહની અવગાહનારૂપ ભ્રમણને સ્વક્ષેત્ર અને લોકાકાશના પ્રત્યેક પ્રદેશે જન્મવારૂપ ભ્રમણને પરક્ષેત્ર કહે છે. તેથી ક્ષેત્રપરાવર્તન પણ સ્વક્ષેત્ર અને પરક્ષેત્ર એમ બે પ્રકારે છે.

સ્વક્ષેત્રપરાવર્તન : સંસારી જીવની અવગાહનાને સ્વક્ષેત્ર કહે છે. પ્રત્યેક સંસારીજીવની અવગાહના લોકાકાશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશ હોવા છતાં સંકોચ-વિસ્તારને કારણે દેહપ્રમાણ હોય છે. જઘન્ય અવગાહના ધરાવનાર સૂક્ષ્મ નિગોદનો જીવ પણ અસંખ્યાત પ્રદેશનો તેમ જ ઉત્કૃષ્ટ અવગાહના ધરાવનાર મહામત્સય પણ અસંખ્યાત પ્રદેશનો હોય છે.





કોઈ જીવ સોયની અણીથી પણ નાની એવી જઘન્ય અવગાહના ધરાવનાર સૂક્ષ્મ નિગોદને પ્રાપ્ત થાય અને ત્યાર પછી એક એક પ્રદેશ અધિક અવગાહનાને ક્રમપૂર્વક ધારણ કરી એક હજાર યોજન જેટલી લંબાઇ અને સાડા બાર કરોડ ઘન યોજન જેટલી ઉત્કૃષ્ટ અવગાહના ધરાવનાર મહામત્સ્યને પ્રાપ્ત થાય ત્યારે એક સ્વક્ષેત્રપરાવર્તન પુરું થયેલ કહેવાય છે.

પરક્ષેત્રપરાવર્તન : સમગ્ર લોકાકાશ અસંખ્ય પ્રદેશોનું છે. આ લોકાકાશનાં મધ્યલોકની મધ્યમાં સુમેરુપર્વત આવેલો છે. આ પર્વતની તળીયે બરાબર વચમાં ગાયના આંચળ સમાન આઠ પ્રદેશો આવેલા છે. જેને રુચક પ્રદેશ કહે છે. રુચક પ્રદેશ સિવાય તેને અડીને આવેલા પ્રદેશથી શરૂ કરીને તેને ફરતે આવે તે રીતે સમગ્ર લોકાકાશના દરેક પ્રદેશની ૧,૨,૩,૪... એ રીતે ક્રમ સંખ્યા નિર્ધારિત કરવામાં આવે અને આ પ્રત્યેક

પ્રદેશે સંસારી જીવ ક્રમપૂર્વક જન્મ પામે ત્યારે એક પરક્ષેત્રપરાવર્તન પૂરું થયું ગણાય છે.

સુમેરુપર્વતની મધ્યમાં આવેલ આઠ રુચક પ્રદેશ પાસે માત્ર નિગોદનો જીવ જન્મ ધારણ કરી શકે છે. પ્રત્યેક જીવના મધ્યમાં આવેલ આઠ પ્રદેશ અચલ હોય છે, તેને પણ રુચક પ્રદેશ કહેવાય છે. પરક્ષેત્રપરાવર્તન માટે સૌ પ્રથમ નાનામાં નાનો સૂક્ષ્મ નિગોદનો જીવ સુમેરુપર્વતની મધ્યમાં આવેલ આઠ રુચક પ્રદેશને પોતાના જીવના આઠ રુચક પ્રદેશ બનાવીને કે તેને પ્રાપ્ત થઈને ઉત્પન્ન થાય. ત્યારબાદ તે જ જીવ ફરીથી તેટલી જ જઘન્ય અવગાહના ધરાવીને ત્યાં જ ઉત્પન્ન થાય. આ રીતે જઘન્ય અવગાહનાના જેટલા પ્રદેશો હોય તેટલી વાર ત્યાં જ ઉત્પન્ન થાય. ત્યારબાદ તેને અડીને આવેલા એક નંબરના પ્રદેશને સ્પર્શી તે રીતે જન્મ ધારણ કરે અને ત્યારપછી તે જ જીવ ફરીથી બે નંબરના, ત્યારપછી ત્રણ નંબરના.... અને એ રીતે સમગ્ર લોકાકાશનાં પ્રત્યેક પ્રદેશે જન્મ ધારણ કરે ત્યારે એક પરક્ષેત્રપરાવર્તન પૂરું થાય છે. અહીં એક નંબરના પ્રદેશ પછી વચમાં લોકાકાશનાં અસંખ્યાત પ્રદેશ પૈકી બે નંબરના પ્રદેશ સિવાય બીજા કોઈપણ પ્રદેશે જન્મરૂપ સ્પર્શ પામે તે ગણત્રીમાં લેવામાં આવતું નથી પણ ક્રમપૂર્વક જ પ્રત્યેક પ્રદેશે જન્મ ધારણ કરે તે જ ગણત્રીમાં લેવામાં આવે છે. તેથી કોઈ પણ પ્રદેશ બાકી રહી જતો નથી. અને એ રીતે ક્રમપૂર્વક પ્રત્યેક પ્રદેશે જન્મ પામે ત્યારે એક પરક્ષેત્રપરાવર્તન પૂરું થાય છે. આ રીતે સ્વ અને પર એમ બન્ને પ્રકારના પરાવર્તન પૂરા થાય ત્યારે એક ક્ષેત્રપરાવર્તન પૂરું થયેલ ગણાય છે. આ ક્ષેત્રપરાવર્તન પૂરું થતા દ્રવ્યપરાવર્તન કરતાંય અનંતગણો વધુ કાળ થાય છે.


લોકાકાશના મધ્યનાં આઠ પ્રદેશો સિવાય બાકીના દરેક પ્રદેશે જન્મરૂપ ક્ષેત્રપરાવર્તનને દર્શાવતું ચિત્ર

**પ્રશ્ન :** દ્રવ્યપરાવર્તનનાં કારણભૂત પુદ્ગલ દ્રવ્યનાં પરમાણુઓ અનંત છે અને ક્ષેત્ર પરાવર્તનના કારણભૂત લોકાકાશનાં પ્રદેશો અસંખ્ય છે. તેથી દ્રવ્યપરાવર્તન કરતાં ક્ષેત્રપરાવર્તન પૂરું થતાં ઘણો ઓછો કાળ થવો જોઈએ તેના બદલે તે અનંતગણો વધુ શા માટે ?

**ઉત્તર :** દ્રવ્યપરાવર્તનનાં પ્રથમ સમયે જે પુદ્ગલનાં પરમાણુઓનું જે પ્રકારના પરિણામે ગ્રહણ થયું હોય તે જ જીવ સાથે તે જ પરમાણુઓનું તે જ પરિણામે ફરીથી ગ્રહણ થાય ત્યારે એક દ્રવ્યપરાવર્તન પૂરું થાય છે. આ દ્રવ્યપરાવર્તન દરમ્યાન તે જીવ અગૃહિત, મિશ્ર અને ગૃહિત પરમાણુઓનું અનંતવાર ગ્રહણ કરીને ત્યાગ કરે છે. ક્ષેત્રપરાવર્તનનાં કારણભૂત લોકાકાશનાં અસંખ્ય પ્રદેશો દ્રવ્યપરાવર્તનનાં કારણભૂત પુદ્ગલના પરમાણુઓ કરતાં અનંતગણા ઓછા છે. તોપણ અહીં દ્રવ્યપરાવર્તનમાં જીવ એક ભવના પ્રત્યેક સમયે અનંત પુદ્ગલ પરમાણુઓને ગ્રહણ કરી ત્યાર પછી ત્યાગ કરે છે. જ્યારે ક્ષેત્ર પરાવર્તનમાં એક ભવમાં એક જ ક્ષેત્રમાં જન્મ લઈ ત્યાર પછી મરણ પામે છે. કોઈ પણ જીવ લોકાકાશનાં અસંખ્ય પ્રદેશોને રોકનારો હોવાથી નાનામાં નાનો દેહ ધરાવતો સૂક્ષ્મ નિગોદનો જીવ પણ પોતાના જન્મ સમયે લોકાકાશનાં અસંખ્ય પ્રદેશોને સ્પર્શે છે અને તે સમયે તે પોતાના ક્રમના લોકાકાશનાં પ્રદેશને સ્પર્શતો હોય તો તે ગણત્રીમાં આવે છે.

અહીં એક ભવમાં ક્ષેત્રપરાવર્તનને કારણભૂત એક જ પ્રદેશે જન્મ પામી શકાય છે. કારણ કે એક ભવમાં એક જ જન્મ હોય છે અને આ ભવનું આયુષ્ય ઓછામાં ઓછું અંતર્મુહૂર્તથી લઈને વધુમાં વધુ ૩૩ સાગર સુધીનું હોય છે. તેથી આટલા સમય સુધી બીજો જન્મ ધારણ થઈ શકતો નથી. પરંતુ એક જ ભવના પ્રત્યેક સમયે અનંત પુદ્ગલ પરમાણુઓનું ગ્રહણ થતું હોવાથી એક ભવમાં દ્રવ્યપરાવર્તનના કારણભૂત અનંત પુદ્ગલ પરમાણુઓનું ગ્રહણ શક્ય છે. તેથી એક ક્ષેત્રપરાવર્તન પૂરું થાય તેટલા કાળમાં અનંત દ્રવ્યપરાવર્તન પૂરાં થઈ જાય છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો ક્ષેત્રપરાવર્તન પૂરું થતા દ્રવ્યપરાવર્તન કરતાંય અનંતગણો વધુ કાળ જોઈએ છે. અનાદિકાળથી સંસારમાં સતત પરાવર્તન પામતા સંસારી જીવે આજ સુધીમાં આવા ક્ષેત્રપરાવર્તન પણ અનંતવાર પૂરા કર્યા છે.

## ક્ષેત્રપરાવર્તનનું દુઃખ


ક્ષેત્રપરાવર્તનનું દુઃખ

સંસારીજીવ જઘન્યથી ઉત્કૃષ્ટ અવગાહનાવાળા દેહમાં તેમ જ લોકાકાશનાં પ્રત્યેક પ્રદેશે ક્રમપૂર્વક જન્મ પામે ત્યારે એક ક્ષેત્રપરાવર્તન પૂરું કરે છે.

ક્ષેત્રપરાવર્તનને કારણે સંસારી જીવનું લોકમાં ચારે બાજુ રખડવાનું બને છે અને તે કોઇપણ જગ્યાએ ઠરી ઠામ થતો નથી. સંસારી જીવનું આ રખડવું જ તેના દુઃખને દર્શાવે છે.

આ ઉપરાંત ક્ષેત્રપરાવર્તનને લીધે લોકના પ્રત્યેક પ્રદેશે વારંવાર જન્મ-મરણ પામે છે. જન્મનું દુઃખ અનંત છે અને મરણનું દુઃખ જન્મ કરતાંય અનંતગણું વધારે હોય છે. આ રીતે સંસારી જીવનું ક્ષેત્રપરાવર્તન પણ દુઃખદાયી જાણવું. પરંતુ આ પરાવર્તન અને તેના દુઃખોથી છૂટવાનો ઉપાય મનુષ્ય ક્ષેત્રમાં છે. પરંતુ આ ક્ષેત્રપરાવર્તનમાં આત્મહિતને યોગ્ય મનુષ્યક્ષેત્ર પ્રાપ્ત થવું દુર્લભ છે.


ક્ષેત્રપરાવર્તનમાં મનુષ્યક્ષેત્રની દુર્લભતા

## ક્ષેત્રપરાવર્તનમાં મનુષ્યક્ષેત્રની દુર્લભતા

જેમાં ક્ષેત્રપરાવર્તન ચાલે છે તે સમગ્ર લોકનો વિસ્તાર ૩૪૩ ઘનરાજૂ છે. તેમાં મધ્યલોકનો વિસ્તાર ૧ રાજૂ લાંબો, ૧ રાજૂ પહોળો અને ૧ રાજૂના અસંખ્યાતમાભાગ પ્રમાણ હોય તેવા એક લાખ યોજન ઊંચો છે. અને તેથી મધ્યલોકનો વિસ્તાર ૧ ઘનરાજૂના પણ અસંખ્યાત ભાગ પ્રમાણ છે. જે સમગ્ર લોકના વિસ્તારનો અસંખ્યાતમો ભાગ હોય તેવો અત્યંત અલ્પ છે. આ મધ્યલોકમાં એકબીજાથી બમણા વિસ્તારવાળા અસંખ્ય દ્વીપ-સમુદ્ર આવેલાં છે. તેમાં માત્ર મધ્યના સૌથી નાના વિસ્તારવાળા અઢીદ્વીપના ક્ષેત્રમાં મનુષ્ય હોવાથી તેને મનુષ્યક્ષેત્ર કહે છે. આપણા દેશના નકશામાં આપણું શહેર બિંદુ માત્ર પણ હોતું નથી અને સમગ્ર વિશ્વના નકશામાં તેનું કોઇ સ્થાન દર્શાવી શકાતું નથી. તેમ મધ્યલોકમાં મનુષ્યક્ષેત્ર એક બિંદુમાત્ર પણ હોતું નથી અને સમગ્ર લોકમાં તેનું કોઇ સ્થાન દર્શાવી શકાતું નથી આ રીતે સમગ્ર લોકમાં મનુષ્યનું ક્ષેત્ર અત્યંત નાનું અને નગણ્ય છે.


મનુષ્ય ક્ષેત્રમાં પણ મોટાભાગના ક્ષેત્રમાં ભોગભૂમિ જ હોય છે કર્મભૂમિનું ક્ષેત્ર ખૂબ જ અલ્પ છે. કર્મભૂમિમાં પણ પાંચ અનાર્ય ક્ષેત્ર હોય ત્યારે એક આર્ય ક્ષેત્ર હોય છે. આ રીતે ક્ષેત્રપરાવર્તન મનુષ્ય ક્ષેત્ર અને એમાં પણ આત્મહિતને યોગ્ય તેવી કર્મભૂમિ અને આર્ય ક્ષેત્ર અને તેમાં પણ મનુષ્યનો અવતાર મળવો ખુબ દુર્લભ છે.

જેમ કોઇ જુદી જુદી પૂર્વ અને પશ્ચિમ દિશાના સમુદ્રને પ્રાપ્ત થયેલ યૂપ એટલે પશુને બાંધવાનું લાકડું અને શલાકા એટલે કે લાકડામાં રાખવામાં આવતી લાકડાની ખીલીનો ફરીને સંયોગ થવો દુર્લભ છે. તેમ ક્ષેત્રપરાવર્તનમાં આત્મહિતને યોગ્ય મનુષ્યક્ષેત્રમાં મનુષ્યનો અવતાર પ્રાપ્ત થવો દુર્લભ છે. પરંતુ આ ક્ષેત્રપરાવર્તનમાં દુર્લભ એવા મનુષ્ય ક્ષેત્રની પ્રાપ્તિ થાય તો સઘળાં સંસારનો અને તેના દુઃખનો અંત આણી શકાય તેવો ઉપાય બની શકે છે અને તે જ આ ક્ષેત્રપરિવર્તનમાં મનુષ્યક્ષેત્રની મહત્તા છે.

## ક્ષેત્રપરાવર્તનમાં મનુષ્યક્ષેત્રની મહત્તા


સંસારરૂપી ચક્રમાં ઘૂમતો સંસારીજીવ સમગ્ર લોકના સમગ્ર ક્ષેત્રમાં ક્રમથી ઉત્પન્ન થાય ત્યારે એક ક્ષેત્રપરાવર્તન પૂરું કરે છે. આ કારણે આ જગતમાં કોઇ એવું ક્ષેત્ર હોતું નથી કે આ જીવે જન્મ ધારણ કર્યો ન હોય.

ક્ષેત્રપરાવર્તન દરમ્યાન મનુષ્ય ક્ષેત્રમાં અને તે પણ મનુષ્યપણે અવતાર પામવો અત્યંત દુર્લભ છે. મનુષ્ય ક્ષેત્રના મનુષ્ય જીવનમાં જે કોઇ ઉપયોગી, આવશ્યક અને અત્યંત મહત્ત્વનું કાર્ય થાય તે ક્ષેત્રપરાવર્તનમાં મનુષ્ય ક્ષેત્રની મહત્તા છે. આ કાર્ય સમ્યગ્દર્શનરૂપ આત્મહિતનું છે.


ક્ષેત્રપરાવર્તનમાં મનુષ્યક્ષેત્રની મહત્તા

મનુષ્યના ભવમાં સમ્યગ્દર્શનરૂપી આત્મહિતનું કાર્ય કરવા માટે

ક્ષેત્રની અપેક્ષાએ મનુષ્યનું ક્ષેત્ર, તેમાં પણ કર્મભૂમિ અને તેમાં પણ આર્યક્ષેત્ર આવશ્યક છે. જે સઘળું અત્યારે આપણને ઉપલબ્ધ છે. પરંતુ તે માટે ભોગોપભોગને બદલે આત્માની સાચી સમજણ માટેનો સમુચિત પુરુષાર્થ કરવામાં વર્તમાન મનુષ્ય જીવનનો સદુપયોગ જરૂરી છે. ક્ષેત્રપરાવર્તન દરમ્યાનના આત્મહિત માટેના સાનુકૂળ મનુષ્યક્ષેત્રમાં સમ્યગ્દર્શનરૂપ આત્મહિતની સાધના કરવામાં આવે તો આ બધાં પરાવર્તન અને તેના દુઃખોનો અંત આવી મોક્ષમાર્ગ અને મોક્ષના સુખની પ્રાપ્તિ થાય છે. તેથી આ ક્ષેત્રપરાવર્તનમાં મનુષ્ય ક્ષેત્રની મહત્તા આત્મહિતની સાધનામાં જ સમાયેલી છે.




મનુષ્યક્ષેત્રના મનુષ્ય જીવનનો દુરુપયોગ સંસાર વધારનારી ભોગોપભોગની ભાવના અને તેની પ્રવૃત્તિની બદલે તેનો સદુપયોગ મોક્ષમાર્ગની સમ્યગ્દર્શનની ભાવના અને તેની સાધનામાં કરવો જરૂરી છે. તેના કારણે ક્ષેત્રપરાવર્તનની રખડપટ્ટી અને તેનાં દુઃખોનો અંત આવી લોકાગ્ર શિખર પરની સાદિ-અનંત શાશ્વત સુખ અને સ્થિરતાની પ્રાપ્તિ થાય છે. બ્ર. રવિન્દ્રજીના શબ્દોમાં–

परिवर्तन पंच अनेक किये, संपूर्ण लोक में भ्रमण किया;
ना कोइ क्षेत्र रहा ऐसा, जिस पर ना हमने जन्म लिया।
नरको स्वर्गोमें घूम चूका, अत एव आशा सबकी छोडं;
लोकाग्र शिखर पर थिर होवुं, बस निज में ही निज को जोडुं।।

## ક્ષેત્રપરાવર્તનની અંચલિકા

મિથ્યાત્વને વશ સંસારી જીવ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પાંચેય પ્રકારના પરિવર્તનો એક સાથે સતતપણે કરતો રહે છે. ક્ષેત્રપરાવર્તન દરમ્યાન તે લોકના દરેક ક્ષેત્રે જન્મ પામી ત્યારબાદ મરણ પામે છે અને તેથી જુદા જુદા ક્ષેત્રોની રખડપટ્ટી અને જન્મ-મરણના અસહ્ય દુઃખો ભોગવે છે. અનાદિકાળથી ચાલ્યા આવતા આ ક્ષેત્રપરાવર્તનમાં આ જીવે નારકી તરીકે અધોલોકમાં, મનુષ્ય તરીકે મધ્યલોકમાં, દેવ તરીકે ઊર્ધ્વલોકમાં અને તિર્યંચ તરીકે સમગ્રલોકમાં અનેકવાર અવતાર ધારણ કર્યા છે. પણ એક માત્ર લોકાગ્ર શિખરમાં સિદ્ધ તરીકેનો અવતાર પ્રાપ્ત થાય તો સઘળા પરાવર્તનો અને તેના દુઃખોનો અંત આવી સંપૂર્ણ અને શાશ્વત સ્થિરતા તેમજ સુખની પ્રાપ્તિ થાય. પણ તે માટે વર્તમાન




**ભાવાર્થ :** અનાદિકાળથી સંપૂર્ણ લોકમાં ભ્રમણ કરતાં પાંચેય પ્રકારના પરિવર્તનો આ જીવે અનેકવાર કર્યા છે. ક્ષેત્રપરાવર્તન દરમ્યાન આ જગતમાં કોઈ એવું ક્ષેત્ર બાકી નથી કે જ્યાં આ જીવે જન્મ ધારણ ન કર્યો હોય. નરકનાં અધોલોકમાં અને સ્વર્ગનાં ઊર્ધ્વલોકમાં પણ તે અનેકવાર ફરી આવ્યો છે. તેથી આ બધાંની ઈચ્છા પણ છોડું છે. પરંતુ આ ક્ષેત્રપરાવર્તન દરમ્યાન આત્મહિતને યોગ્ય મનુષ્યક્ષેત્રમાં મનુષ્ય તરીકેનો અવતાર પ્રાપ્ત થયો છે ત્યારે પોતાની પરિણતિને પોતાના શુદ્ધાત્મામાં જોડી સમ્યગ્દર્શની સાધના દ્વારા મોક્ષમાર્ગ અને મોક્ષદશાની પ્રાપ્તિ કરું કે જેના કારણે ક્ષેત્રપરાવર્તનનાં દુઃખો અને જુદા જુદા ક્ષેત્રોની રખડપટ્ટીનો અંત આવી લોકાગ્ર શિખર પરની શાશ્વત સુખની સ્થિર દશાની પ્રાપ્તિ થાય.

(બ્ર. રવિન્દ્રજીકૃત બારભાવનામાંથી)

## ૩. કાળપરાવર્તન

**કલ્પકાળના પ્રત્યેક સમયે જન્મ-મરણરૂપ સંસારી જીવના ભ્રમણને કાળપરાવર્તન કહે છે.**

મનુષ્યલોકના ભરત અને ઐરાવત ક્ષેત્રમાં ચઢતા અને ઉતરતા કાળનું ચક્ર ચાલે છે. દશ 'ક્રોડાક્રોડી સાગરનો ચઢતો કાળ હોય છે જેમાં મનુષ્યનું બળ, બુદ્ધિ, આયુષ્ય વગેરે વધતું હોય છે. ચઢતા કાળને ઉત્સર્પિણી કાળ કહે છે. ઉતરતો કાળ પણ દશ ક્રોડાક્રોડી સાગરનો હોય છે. જેને અવસર્પિણી કહે છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી મળીને કુલ વીસ ક્રોડાક્રોડી સાગરનો એક કલ્પકાળ કહેવાય છે. કલ્પકાળના પ્રત્યેક સમયે ક્રમપૂર્વક જીવનો જન્મ તેમ જ મરણ થાય ત્યારે એક કાળપરાવર્તન પૂરું થયેલ ગણાય છે. તેથી કાળપરાવર્તન પણ જન્મ અને મરણ સંબંધી એમ બે પ્રકારનું છે. જોકે આ બન્ને એક સાથે ચાલતા હોવાથી સમય બેવડાઇ જતો નથી. વળી તે બન્ને સમાન રીતે હોવાથી તેઓના જુદા જુદા વર્ણનની જરૂર નથી.



કાળ પરાવર્તન

કલ્પકાળની શરૂઆત તેની ઉત્સર્પિણીના પ્રથમ સમયે થાય છે અને તેનો અંત અવસર્પિણીના અંતિમ સમયે આવે છે. કાળપરાવર્તનની ગણત્રી માટે ધારો કે કોઇ કલ્પકાળની ઉત્સર્પિણીના પ્રથમ સમયે જીવ જન્મ પામે અને ત્યારબાદ આયુષ્ય પૂરું થતા મરણ પામે. ત્યારપછી આ જ જીવ બીજા કોઇ કલ્પકાળના ઉત્સર્પિણીના બીજા સમયે જન્મે અને પછી મરે. તે જ રીતે ફરી પાછો કોઇ નવા કલ્પકાળની ઉત્સર્પિણીના ત્રીજા સમયે જન્મે અને આયુષ્ય પૂરું થતા મરે. આ રીતે ઉત્સર્પિણી અને અવસર્પિણી પ્રત્યેક સમયે ક્રમપૂર્વક જન્મ પામે અને તે જ રીતે ક્રમપૂર્વક મરણ પામે ત્યારે એક કાળપરાવર્તન પૂરું થાય છે. આ કાળપરાવર્તન પૂરું થતાં ક્ષેત્રપરાવર્તન કરતાંય અનંતગણો વધુ કાળ જોઇએ છે.


**પ્રશ્ન : ક્ષેત્રપરાવર્તનનાં કારણભૂત લોકાકાશના પ્રદેશો અસંખ્ય છે અને કાળપરાવર્તનના કારણભૂત એક કલ્પકાળના સમયો પણ અસંખ્ય હોવા છતાં લોકાકાશનાં પ્રદેશો કરતા ઘણાં ઓછા છે અને તેથી ક્ષેત્રપરાવર્તન કરતાં કાળપરાવર્તન પૂરું થતાં ઓછો કાળ હોવો જોઇએ પણ તે તેના બદલે અનંતગણો વધુ શા માટે ?**

**ઉત્તર :** ૩૪૩ ઘન રાજૂ પ્રમાણ લોકાકાશનાં પ્રત્યેક પ્રદેશે ક્રમપૂર્વક જન્મ ધારણ કરવાથી એક ક્ષેત્ર પરાવર્તન પૂરું થાય છે. આ ક્ષેત્રપરાવર્તન પૂરું થતાં દ્રવ્યપરાવર્તન કરતાંય અનંતગણો વધુ કાળ જોઇએ છે. કાળપરાવર્તનમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી મળીને કુલ વીસ ક્રોડાક્રોડી સાગર પ્રમાણ કલ્પકાળના દરેક સમયે ક્રમપૂર્વક જન્મ તેમ જ મરણ પામવાથી એક કાળપરાવર્તન પૂરું થયેલ ગણાય છે. આ કલ્પકાળના કુલ સમયો લોકાકાશના પ્રદેશો કરતાં ઓછા છે.

પણ અહીં કાળપરાવર્તન માટે જરૂરી કલ્પકાળના એક સમયથી બીજા સમયે જન્મ પામતાં વીસ ક્રોડાક્રોડી સાગરનો આખો કલ્પકાળ બદલાઇ જવો જરૂરી છે. કેમ કે, કોઇ એક જીવ કોઇ એક ઉત્સર્પિણીના પહેલા સમયે જન્મ પામે ત્યારે તેનું ઓછામાં ઓછું આયુષ્ય અંતર્મુહૂર્તનું તો હોય જ છે અને એક અંતર્મુહૂર્તનાં કાળમાં પણ અસંખ્ય સમયો ચાલ્યા જાય છે. અને તેથી તે ઉત્સર્પિણીના પહેલા સમયે જન્મ પામેલો જીવ તે જ ઉત્સર્પિણીના બીજા સમયે જન્મ પામી શકતો નથી. બીજો જન્મ લેવા તેણે પોતાનું આયુષ્ય પૂરું કરવું પડે છે અને તે દરમ્યાન તે પછીનો બીજો સમય ચાલ્યો જાય છે. કેમ કે, કોઇ પણ જીવનું આયુષ્ય ઓછામાં ઓછું હોય તોપણ એક સમયનું હોતું નથી અને તેથી કાળપરાવર્તન માટે જરૂરી ક્રમ એવા ઉત્સર્પિણીના બીજા સમયે જન્મ પામવા માટે આખેઆખો વીસ ક્રોડાક્રોડી સાગરોપમનો કલ્પકાળ બદલાઇ જવો જરૂરી છે. વળી આ બદલાયેલા નવા કલ્પકાળની ઉત્સર્પિણીના બીજા સમયે જ તે જન્મ ધારણ કરે તો જ તે ગણત્રીમાં આવે છે નહિતર નહિ. તેથી તે તેના ક્રમપૂર્વકના સમયે જન્મ પામે તે દરમ્યાન આ જીવ અન્ય અનેક જન્મ પામે છે. કોઇ વાર એક કલ્પકાળ પછીના બીજા કલ્પકાળમાં તેના યોગ્ય ક્રમમાં જન્મ ધારણ

થઇ શકે છે. તોપણ એકંદરે ઓછામાં ઓછા અસંખ્યાત અને વધુમાં વધુ અનંત કલ્પકાળમાં પસાર થાય પછી જ યોગ્ય ક્રમમાં જન્મ સંભવે છે. ક્ષેત્રપરાવર્તનમાં લોકાકાશનાં એક પ્રદેશથી બીજા પ્રદેશે જન્મ લેવા માટે એક જ ભવ બદલાવો જરૂરી છે, પણ કાળપરાવર્તનની જેમ આખો કલ્પકાળ બદલાવો જરૂરી નથી. આ કલ્પકાળ બદલાય તે દરમ્યાન બીજા અન્ય અનેક ભવો થાય છે તે ગણત્રીમાં આવતાં નથી. અને નવા કલ્પકાળમાં યોગ્ય ક્રમના સમયે પણ જન્મ ન થાય તોપણ તે ગણત્રીમાં આવતું નથી. આ કારણે કાળપરાવર્તન પૂરું થતાં ક્ષેત્રપરાવર્તન કરતાંય અનંતગણો વધુ કાળ જોઇએ છે આ જીવે અનાદિકાળથી આજ સુધીમાં આવા કાળપરાવર્તન પણ અનંતવાર કર્યા છે અને તે દરમ્યાન અનંત દુઃખો ભોગવ્યા છે.

## કાળપરાવર્તનનું દુઃખ




સંસારીજીવ કલ્પકાળના પ્રત્યેક સમયે ક્રમપૂર્વક જન્મ પામે ત્યારે એક કાળપરાવર્તન પૂરું કરે છે. આ પરાવર્તન દરમ્યાન અનંત અનંત કાળ સુધી સંસારમાં રખડતો જીવ અનંત અનંત દુઃખોને ભોગવે છે.

કાળપરાવર્તન પરું થતાં પહેલા જીવને અનેકવાર નિગોદમાં જવું પડે છે અને લાંબા સમય સુધી ત્યાંના દુઃખો ભોગવવા પડે છે.કાળપરાવર્તન માટે કોઇ જીવ કોઇ કલ્પકાળના પ્રથમ સમયે જન્મે અને ત્યારપછી તેના ક્રમના બીજા સમયે જન્મવા માટે તે જ કલ્પકાળ કામ આવતો નથી. કેમ કે, પ્રથમ સમયે જન્મેલો જીવ પોતાનું આયુષ્ય પૂરું કરે ત્યાં સુધીમાં ઓછામાં ઓછા અસંખ્ય સમય ચાલ્યા જાય છે અને તે દરમ્યાન તે કલ્પકાળનો બીજો સમય પસાર થઇ જાય છે. અને તેથી બીજા સમયે જન્મવા માટે તેણે નવા કલ્પકાળમાં જન્મ ધારણ કરવો પડે છે અને નવો કલ્પકાળ જૂના કલ્પકાળના વીસ ક્રોડાક્રોડી સાગરનો કાળ પૂરો થયા પછી




શરૂ થાય છે. આ વીસ ક્રોડાક્રોડી સાગરના કાળ દરમ્યાન સંસારી જીવનો ત્રસ પર્યાયનો વધુમાં વધુ બે હજાર સાગરનો કાળ પૂરો થઇ જાય છે અને તેથી તે જીવને નિયમથી નિગોદમાં જવું પડે છે. એકવાર નિગોદમાં ગયેલો જીવ અસંખ્યાત પુદ્ગલપરાવર્તન પસાર થયા પછી નિગોદમાંથી બહાર નીકળે છે. એક પુદ્ગલપરાવર્તનનો કાળ એટલો મોટો છે કે તેના અનંતમાં ભાગમાં પણ અનંત સાગર હોય છે. અહીં એક સાગર એટલે આશરે ૪.૧૩×૧૦^{૧૧} વર્ષ હોય છે. આમ કાળપરાવર્તન પૂરું થતાં પહેલાં સંસારી જીવ અનેકવાર નિગોદમાં જાય છે અને લાંબા સમય સુધી નિગોદના દુઃખો ભોગવે છે.

આ ઉપરાંત સંસારની સતત રખડપટ્ટી કરતો જીવ કલ્પકાળના પ્રત્યેક સમયે જન્મ અને ત્યારબાદ તે જ રીતે મરણ પામે ત્યારે એક કાળ પરાવર્તન પૂરું કરે છે. જન્મ-મરણ મહાદુઃખદાયી હોવાથી આ કાળપરાવર્તન પણ મહાદુઃખદાયી જાણવું. તોપણ આ સઘળાં પ્રકારના પરાવર્તનો અને તેના દુઃખોથી છૂટવાનો ઉપાય મનુષ્ય જીવનના કાળમાં હોય છે. પરંતુ આ કાળપરાવર્તનમાં આત્મહિતને યોગ્ય મનુષ્ય પર્યાયનો કાળ મળવો અત્યંત દુર્લભ છે.

## કાળપરાર્વતનમાં મનુષ્યકાળની દુર્લભતા

એક કાળપરાવર્તન પૂરું થતાં ક્ષેત્રપરાવર્તન કરતાંય અનંતગણો અધિક કાળ જોઇએ છે. સંસારી જીવ અનંતાનંત કાળ નિગોદમાં જ ગુજારે છે. નિગોદમાંથી બહાર નીકળી એકેન્દ્રિયની પ્રત્યેક કાયની સ્થાવરપર્યાયમાં આવે તો તેમાં પણ અસંખ્યાત લોકપ્રમાણ સમય સુધી રહે છે. અને ત્યાંથી નીકળી બે થી પાંચ ઈન્દ્રિયની ત્રસ પર્યાયમાં વધુમાં વધુ બે હજાર સાગર જેટલા કાળ સુધી જ રહે છે. ત્રસ પર્યાયના બે હજાર સાગરોપમના કાળમાં સૌથી વધુ કાળ તિર્યંચ અવસ્થાનો હોય છે. તેનાથી ઉત્તરોત્તર અલ્પકાળ અનુક્રમે દેવ, નારકી અને મનુષ્યનો હોય છે. મનુષ્ય પર્યાયમાં પણ મનુષ્યના વધુમાં વધુ ભવ ૪૮ મળે છે. તેમાં ૨૪ ભવ

અપર્યાપ્ત મનુષ્યના હોય છે જે આત્મહિત માટે ઉપયોગી નથી. બાકીના પર્યાપ્ત મનુષ્યના ૨૪ ભવમાં ૮ પુરુષ, ૮ સ્ત્રી અને ૮ નપુંસકના હોય છે. નપુંસક મનુષ્ય પણ આત્મહિતને પ્રાપ્ત હોય તેવું કોઇ ઉદાહરણ જોવા મળતું નથી. આ કારણે પર્યાપ્ત મનુષ્યના ૨૪ ભવોમાંથી ૮ પુરુષ અને ૮ સ્ત્રી મળીને કુલ ૧૬ ભવ જ આત્મહિત માટે ઉપયોગી છે. તેથી અનાદિ સંસારના કાળમાં આત્મહિતને ઉપયોગી હોય તેવો મનુષ્યકાળ મળવો અત્યંત દુર્લભ છે. કરોડો કલ્પકાળમાં આત્મહિતને અનુકૂળ મનુષ્યનો કાળ મહાભાગ્યે અને મહાકષ્ટે પ્રાપ્ત થાય છે.



કાગડો અતિ ચંચળ પ્રાણી છે. કોઈ ફેંકાયેલું રત્ન આ કાગડાની ચાંચમાં આવવું ભાગ્યે જ બને છે. તેમ કાગડા સમાન અજ્ઞાની જીવને રત્ન સમાન મનુષ્યકાળ મળવો ભાગ્યે જ બને છે.

આ કાળપરાવર્તનમાં આત્મહિતને યોગ્ય મનુષ્યકાળની પ્રાપ્તિ થાય તો અનંતકાળના દુઃખનો અંત આણી શકાય છે. આત્મહિતને યોગ્ય હોય એવો કાળ મનુષ્યજીવનમાં મળી શકતો હોય તે જ કાળપરાવર્તનમાં મનુષ્યકાળની મહત્તા છે.

## કાળપરાવર્તનમાં મનુષ્યકાળની મહત્તા

સંસારચક્રમાં ઘૂમતો સંસારી જીવ કલ્પકાળના દરેક સમયે ક્રમથી અવતાર ધારણ કરે ત્યારે એક કાળપરાવર્તન પૂરું કરે છે. કાળપરાવર્તન દરમ્યાન આ જીવ કલ્પકાળની ઉત્સર્પિણી અને અવસર્પિણીની સમસ્ત સમયાવલિઓમાં ક્રમપૂર્વક જન્મ્યો છે અને ત્યારબાદ તે જ રીતે મર્યો છે.


કોઇ પણ કાળે આ જીવની ઉપસ્થિતિ અવશ્ય હોય જ છે. પરંતુ તેમાં આત્મહિત માટેનો યોગ્ય કાળ ક્યારેક અને ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. કોઇપણ કાર્ય નિશ્ચયથી પોતાના સ્વકાળે થતું હોવા છતાં તે સમયે તે કાર્યને સાનુકૂળ બહારનો વ્યવહાર કાળ પણ હોય છે. કાળપરાવર્તન દરમ્યાન અવસર્પિણીનો ચોથો અને પાંચમો તથા ઉત્સર્પિણીનો બીજો અને ત્રીજો કાળ એ આત્મહિત માટેનો યોગ્ય કાળ છે. જેમ સ્વાતિ નક્ષત્રનાં કાળે છીપમાં પડેલું પાણી મોતીરૂપે પાકે છે તેમ આત્મહિતનાં યોગ્ય કાળે ગુરુની દેશના સમ્યગ્દર્શનરૂપે પરિણમે છે.

કાળપરાવર્તનનાં આધારભૂત કલ્પકાળ વીસ ક્રોડાક્રોડી સાગરનો છે. તેમાં દશ ક્રોડાક્રોડી અવસર્પિણી અને દશ ક્રોડાક્રોડી સાગર ઉત્સર્પિણીનો હોય છે. અવસર્પિણીનો પ્રથમ કાળ ચાર ક્રોડાક્રોડી સાગરનો ઉત્તમ ભોગભૂમિનો, બીજો ત્રણ ક્રોડાક્રોડી સાગરનો મધ્યમ ભોગભૂમિનો અને ત્રીજો બે ક્રોડાક્રોડી સાગરનો જઘન્ય ભોગભૂમિનો છે. ભોગભૂમિમાં કલ્પવૃક્ષો છે અને તે ઇચ્છિત સામગ્રી આપે છે. તેથી ભોગભૂમિમાં આજીવિકાની પ્રવૃત્તિ હોતી નથી. અહીં દેવલોક જેવા પુણ્યનો ઉદય છે અને ભોગોની સુલભતા છે. પણ અહીં દેવ-ગુરુની સુલભતા નથી અને તેથી આત્મહિતની પણ સુલભતા નથી. કોઇ પૂર્વે કર્મભૂમિમાં આત્મહિતના સંસ્કાર પામેલ મનુષ્ય ભોગભૂમિમાં પણ આત્મહિત સાધી શકે છે પણ પૂર્વના સંસ્કાર વગર સમ્યગ્દર્શન કે સમ્યગ્દર્શનની સન્મુખતા ભોગભૂમિમાં સંભવતું નથી. આ માટે કર્મભૂમિની જરૂર રહે છે. જે અવસર્પિણીના ચોથા, પાંચમા અને છઠ્ઠા કાળમાં હોય છે. જે કુલ મળીને એક ક્રોડાક્રોડી સાગરનો હોય છે. તેમાં કર્મભૂમિની રચના હોય છે. ચોથો કાળ આત્મહિત માટે ઉત્કૃષ્ટ છે અને પાંચમો કાળ નિકૃષ્ટ છે. તોપણ પાંચમા કાળમાં ધર્મનો સદંતર અભાવ નથી. અત્યારે આ પાંચમો કાળ ચાલે છે. આના પછીના છઠ્ઠા કાળમાં ધર્મનો સદંતર અભાવ છે અને તેથી ત્યારે આત્મહિતની કોઇ યોગ્યતા નથી. અવસર્પિણીના કુલ દશ ક્રોડાક્રોડી સાગરના કાળમાં નવ ક્રોડાક્રોડી સાગર ભોગભૂમિના અને બાકીનો એક ક્રોડાક્રોડી સાગર કર્મભૂમિનો છે. આના ઊલટા ક્રમમાં ઉત્સર્પિણીનો કાળ હોય છે. તેથી આત્મહિતને યોગ્ય અવસર્પિણીના ચોથા અને પાંચમા કાળ જેવો ઉત્સર્પિણીનો બીજો અને ત્રીજો કાળ હોય છે.

કાળપરાવર્તનના ચક્રમાં મનુષ્યનો કાળ અને તેમાંય આત્મહિતને યોગ્ય કાળ પ્રાપ્ત થવો ઘણો દુર્લભ છે. અજ્ઞાની જીવ આ કાળને લૌકિક ભણતરમાં, વેપાર-ધંધામાં અને ભોગોપભોગમાં વ્યર્થ વેડફી નાખે છે. વર્તમાન મનુષ્ય જીવનમાં આત્મહિતને અનુકૂળ કાળ ઉપલબ્ધ છે ત્યારે તેનો સદુપયોગ તત્ત્વજ્ઞાનનાં અભ્યાસ દ્વારા સમ્યગ્દર્શનની સાધનામાં કરવામાં આવે

તો આ પરાવર્તનો અને તેના દુઃખોનો અભાવ થાય અને તે જ આ કાળપરાવર્તનમાં મનુષ્યના કાળની મહત્તા છે.

## કાળપરાવર્તનની અંચલિકા



કલ્પકાળના પ્રત્યેક સમયે ક્રમપૂર્વક જન્મ-મરણથી એક કાળપરાવર્તન પૂરું થાય છે. આ કાળપરાવર્તન પૂરું થતાં અનંતકાળ જાય છે અને તે દરમ્યાન આ જીવ અનંત દુઃખો ભોગવે છે. આ દુઃખોથી છૂટી શકાય તેવો આત્મહિતને અનુકૂળ હોય તેવો કાળ, કાળપરાવર્તનનાં અનંતકાળ દરમ્યાન ક્યારેક અને ભાગ્યે જ પ્રાપ્ત થાય છે, જે અત્યારે આપણને સંપ્રાપ્ત છે. આત્મહિતનું સમ્યગ્દર્શનરૂપ કાર્ય નિશ્ચયથી પોતાની અંદરના સ્વકાળથી થતું હોવા છતાં તે સમયે વ્યવહારથી તેને સાનુકૂળ બહારના કાળનો પણ પ્રભાવ હોય છે. આ રીતે કાળે વર્ષા વરસે છે, વૃક્ષો ખીલે છે, ચંદ્ર ઉગે છે, અને સૂર્ય આથમે છે. ઢોર પણ તેના કાળે જ પાછા ઘેર આવે છે. જેમ શુભ મૂહૂર્તમાં થયેલું માંગલિક કાર્ય શુભરૂપે પરિણમે છે તેમ આત્મહિતનાં સાનુકૂળ કાળે જ ગુરુની દેશના સમ્યગ્દર્શનરૂપ સ્વાનુભૂતિમાં પરિણમે છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે મનુષ્યજીવન અને તેમાં પણ આર્યક્ષેત્ર અને તેની કર્મભૂમિનો કાળ જરૂરી છે. ભોગભૂમિમાં ભોગોની સુલભતા છે પણ સમ્યગ્દર્શનની સુલભતા નથી કર્મભૂમિમાં આજીવિકાની પ્રવૃત્તિ છે, તોપણ ત્યાં સદ્દેવ, સદ્ગુરુ કે સત્શાસ્ત્રની સુલભતા હોવાથી સમ્યગ્દર્શનની પણ સુલભતા છે. કર્મોનો ક્ષય કરી આત્મહિત સાધવા માટે કર્મભૂમિ જ કાર્યકારી છે, ભોગભૂમિ નહિ. મનુષ્યજીવનનો અત્યારનો કાળ આત્મહિત માટે સાનુકૂળ છે ત્યારે તેનો સદુપયોગ કરી આત્મહિત સાધવું એમાં જ આપણા જીવનની સફળતા છે. કવિ શ્રી શોભાચંદ ભારિલ્લના શબ્દોમા–

जगत जलधि से पार उतरने को शरीर नौका है,
मानव-भव शाश्वत सुख पाने का अनुपम मौका है।
जाग जाग हे ज्योतिपुन्ज! अवसर बीता जाता है,
जो क्षण गया, गया सदैव को फिर ना हाथ आता है ॥

ભાવાર્થઃ સંસાર સમુદ્રથી પાર ઉતરવા માટે મનુષ્ય દેહ નૌકા સમાન છે. તેથી મનુષ્યના એક ભવમાં અનંત ભવભ્રમણનો અભાવ કરી શાશ્વત સુખની મોક્ષ દશા પ્રાપ્ત કરવાનો અનુપમ અવસર છે. આવો અવસર અનંતકાળે પ્રાપ્ત થાય છે અને જો તે ચાલ્યો ગયો તો તે કાયમને માટે ચાલ્યો જાય છે અને તે ફરીને પ્રાપ્ત થતો નથી. માટે હે જ્યોતિપુંજ ! તું આત્મહિત માટે સાવધાન થા, સાવધાન થા.

(કવિશ્રી શોભાચંદ ભારિલ્લ સંસારભાવનામાંથી)

## ૪. ભવપરાવર્તન


નરકાદિ ભવોના જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ આયુષ્ય સુધીના દરેક સમયે જન્મરૂપ સંસારી જીવના ભ્રમણને ભવપરાવર્તન કહે છે.

જન્મથી માંડીને મરણ સુધી કોઈ એક દેહમાં રહેવા રૂપ સંસારી જીવની અવસ્થા વિશેષને ભવ કહે છે. આયુષ્ય કર્મના ઉદય અનુસાર આ દેહના ભવ ધારણની અવધિ હોય છે અને ગતિનામકર્મના ઉદય અનુસાર ૧. નરક, ૨. તિર્યંચ, ૩. મનુષ્ય કે ૪. દેવના દેહની પ્રાપ્તિ હોય છે. આ નરકાદિ ચાર પ્રકારના ભવના જઘન્ય આયુષ્યથી માંડીને ઉત્કૃષ્ટ આયુષ્ય સુધીના દરેક સમયના 'પાટડે' થતા જીવના ક્રમિક જન્મરૂપ ભ્રમણને ભવપરાવર્તન કહે છે. તે આ રીતે છે–

નારકીઓનો જન્મ તેના બીલના ઉપરના લટકતા મધપૂડા જેવા અર્ધવર્તુળાકાર જન્મસ્થાનમાંથી થાય છે. તેમાં જુદી જુદી નરક પ્રમાણે ઘડો, મુદ્ગર, કોથળી, નાલી વગેરે જેવા આકારના અધોમુખવાળા ઉત્પત્તિ સ્થાન હોય છે. તેમાંથી એક મુહૂર્તમાં બધી પર્યાપ્તિ પૂરી કરીને નીચેની તરફ મુખ રાખીને ઘણી પીડાપૂર્વક નારકીનો જીવ જન્મે છે.

નારકીના ભવનું ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષનું અને વધુમાં વધુ આયુષ્ય તેત્રીસ સાગરનું હોય છે. સંસારમાં રખડતો કોઈ જીવ સૌપ્રથમ નારકીના ઓછામાં ઓછા આયુષ્ય દશહજાર વર્ષની જઘન્ય સ્થિતિમાં જન્મ પામે અને ત્યારબાદ તે દશહજાર

વર્ષના જેટલા સમય હોય તેટલીવાર તે દશ હજાર વર્ષની સ્થિતિવાળા નરકના ભવના આયુષ્યમાં જન્મે અને ત્યારબાદ આયુષ્ય પૂરું થતાં મરે. વચ્ચે બીજા અન્ય પ્રકારના ભવમાં કે દશ હજારથી વધુ આયુષ્યવાળા નરકના ભવમાં જન્મ થાય તે ગણત્રીમાં લેવામાં આવે નહિ. ત્યારપછી દશ હજાર ને એક સમયવાળા નરકાયુમાં તે જ પ્રમાણે જન્મ-મરણ પામે અને આ રીતે છેલ્લે તેત્રીસ સાગરના જેટલા સમયો હોય તેટલીવાર તેત્રીસ સાગરના નરકાયુમાં જન્મ-મરણ પામે ત્યારે નારકીના ભવનું એક ભવપરાવર્તન પૂરું થયું ગણાય છે. આ જ રીતે તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવનું પણ ભવપરાવર્તન પૂરું કરે ત્યારે સમગ્ર એક ભવપરાવર્તન પૂરું થાય છે. આ ભવપરાવર્તન પૂરું થતાં કાળપરાવર્તન કરતાંય અનંતગણો વધુ સમય જોઈએ છે.



નારકીના ભવનું ભવપરાવર્તન દર્શાવતું ચિત્ર

**પ્રશ્ન :** કાળ પરાવર્તનના કારણભૂત કોઈ એક કલ્પકાળ વીસ ક્રોડાક્રોડી સાગરનો હોય છે. જ્યારે ભવ પરાવર્તનના કારણભૂત કોઈ એક ભવનું આયુષ્ય વધુમાં વધુ ૩૩ સાગરનું હોય છે તેથી કાળપરાવર્તન પૂરું થવાના સમય કરતાં ભવપરાવર્તન પૂરો થવાનો સમય ઘણો ઓછો હોવો જોઈએ પણ તેના બદલે તે અનંતગણો વધુ શા માટે ?

**ઉત્તર :** ઉત્સર્પિણી કાલના દસ ક્રોડાક્રોડી સાગર અને અવસર્પિણીકાલના દસ ક્રોડાક્રોડી સાગર મળીને કુલ વીસ ક્રોડાક્રોડી સાગરનો કલ્પકાળ હોય છે. આ કલ્પકાળના પહેલા સમયથી શરૂ કરીને છેલ્લા સમય સુધીના દરેક સમયે ક્રમપૂર્વક આ જીવ જન્મ પામે ત્યારે એક કાળપરાવર્તન પૂરું થયેલ ગણાય છે આ કાળપરાવર્તન પૂરું થતા ક્ષેત્રપરાવર્તન કરતાંય અનંતગણો વધુ કાળ જોઈએ છે.

ભવપરાવર્તનમાં કોઈ એક ભવના જઘન્ય આયુષ્યથી માંડીને ઉત્કૃષ્ટ આયુષ્ય સુધીની દરેક આયુષ્યની સ્થિતિમાં તેના જેટલા સમય હોય તેટલી વખત ક્રમપૂર્વક જન્મ પામે ત્યારે તે ભવનું ભવપરાવર્તન પૂરું થાય છે. કાળપરાવર્તન પૂરો કરવા માટે જરૂરી વીસ ક્રોડાક્રોડી સાગરના કલ્પકાળના કુલ સમયો કરતાં ભવપરાવર્તન પૂરો કરવા માટે જરૂરી એક ભવના જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ આયુષ્યનાં કુલ સમયો ઘણાં ઓછા છે. પણ તેમ છતાં ભવપરાવર્તન પૂરું થતાં કાળપરાવર્તન કરતાં ય અનંતગણો વધુ સમય જોઈએ છે. તેનું કારણ આ પ્રમાણે છે–

નરકગતિનાં નારકીનાં ભવનું ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષ અને વધુમાં વધુ આયુષ્ય તેત્રીસ સાગરનું હોય છે. નરકગતિના ભવપરાવર્તન માટે કોઈ એક જીવ નરકગતિના ભવમાં તેના જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષના પહેલા પાટડે જન્મ પામે તો તેને એ દશહજાર વર્ષના જેટલા સમયો હોય તેટલી વાર તે દશ હજાર વર્ષની નરકની આયુસ્થિતિમાં જન્મ પામે ત્યારે તે નરકગતિના ભવનો પહેલો પાટડો પૂરો થાય. કોઈ જીવ નરકગતિના ભવમાંથી ફરી પાછો નરકગતિના ભવમાં અવતરતો નથી અને જ્યારે નરકમાં આવે ત્યારે પણ દશહજાર વર્ષનું જ આયુષ્ય હોય તેવું બનતું નથી. વળી દશહજાર વર્ષના સમયો અસંખ્યાત છે અને તે અસંખ્યાતવાર દશ હજાર વર્ષનાં જ આયુષ્યમાં જન્મ પામવા તેને અનંતકાળ જોઈએ છે. કેમ કે આ દરમ્યાન તે જીવ ત્રસ પર્યાયનો કુલ બે હજાર સાગરનો કાળ પૂરો થતાં નિગોદમાં ચાલ્યો જાય છે અને નિગોદમાં તેને અનંતકાળ સુધી રહેવું પડે છે. આ કારણે નરકગતિના ભવનો દશહજાર વર્ષનો પહેલો પાટડો પૂરો થતાં પણ અનંતકાળ ચાલ્યો જાય છે. નરકગતિના ભવનો દશ હજાર વર્ષનો પહેલો પાટડો પૂરો થયા પછી આ રીતે દશ હજાર વર્ષને એક સમયનો બીજો પાટડો, દશ હજારને બે સમયનો ત્રીજો પાટડો... એ રીતે તેત્રીસ સાગર (૧.૭૬ × ૧૦[illegible] વર્ષ)ના અંતિમ પાટડા સુધીના દરેક પાટડા પૂરા કરે ત્યારે નરકગતિના ભવ સંબંધીનું ભવપરાવર્તન પૂરું થાય છે.

તિર્યંચ અને મનુષ્ય ગતિનું ઓછામાં ઓછું આયુષ્ય અંતમુહૂર્ત અને વધુમાં વધુ આયુષ્ય ત્રણ પલ્ય (૧.૨૩ × ૧૦[illegible] વર્ષ) સુધીનું હોય છે. તેથી જઘન્ય આયુષ્ય

અંતમુહૂર્તથી માંડીને ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્ય સુધીના દરેક સમયના પાટડે તેના જેટલા સમયો હોય તેટલીવાર જન્મ-મરણ પામે ત્યારે તિર્યંચ તેમ જ મનુષ્યગતિના ભવનું ભવપરાવર્તન પૂરું થાય છે. ભવપરાવર્તન માટે દેવગતિનું ઓછામાં ઓછું આયુષ્ય દશહજાર વર્ષ અને વધુમાં વધુ આયુષ્ય એકત્રીસ સાગરનું છે. તેમાં પણ તે આ જ રીતે જન્મ-મરણ પામે ત્યારે દેવગતિના ભવ સંબંધીનું ભવપરાવર્તન પૂરું થાય છે. એકત્રીસ સાગરથી વધુ આયુષ્યવાળો દેવ નિયમથી સમ્યગ્દષ્ટિ હોય છે અને તેથી તે બધાં પ્રકારના પરાવર્તનમાંથી બહાર નીકળી ગયેલો છે. તેથી ભવપરાવર્તનનાં ચક્રમાં તેનો સમાવેશ થતો નથી. તેથી અહીં દેવગતિના ભવપરાવર્તન માટે ઉત્કૃષ્ટ આયુષ્ય એકત્રીસ સાગર સુધી જ લેવામાં આવ્યું છે. આમ ચારેય ગતિના બધાં ભવોનું ભવપરાવર્તન પૂરું થાય ત્યારે એક ભવપરાવર્તન પૂરું થયું ગણાય છે. આ ભવપરાવર્તન પૂરું થતાં કાળપરાવર્તન કરતાંય અનંતગણો વધુ સમય જોઇએ તે સમજી શકાય તેવું છે. અનાદિકાળથી સંસારમાં રખડતા આ જીવે આવા ભવપરાવર્તન પણ અનંતવાર કર્યા છે અને તે દરમ્યાન અનંત દુઃખો ભોગવ્યા છે.




## ભવપરાવર્તનનું દુઃખ

સંસારજીવના નરકાદિ ભવના જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ આયુષ્ય સુધીના દરેક સમયવર્તી અંશને તેનો પાટડો કહે છે. જઘન્ય આયુષ્યના પ્રથમ પાટડાના તેના જેટલા સમય હોય તેટલીવાર ત્યાં જ જન્મ-મરણ પ્રાપ્ત કરે અને તે રીતે ક્રમસર ઉત્કૃષ્ટ આયુષ્યના અંતિમ પાટડા સુધી જન્મ-મરણ પ્રાપ્ત કરે ત્યારે તે ભવ સંબંધીનું ભવ પરાવર્તન પૂરું થાય છે. આ રીતે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારેય ગતિના ભવ સંબંધીનું ચારેય ભવપરાવર્તન પૂરું થાય ત્યારે એક ભવપરાવર્તન પૂરું થાય છે. આ ભવપરાવર્તન પૂરું થતાં અનંતકાળ થાય છે અને તે દરમ્યાન આ જીવ અનેક પ્રકારના અનંત દુઃખો ભોગવે છે.





આ અગાઉના પ્રકરણમાં આપણે સંસારની ચાર ગતિના દુઃખો જોઇ ગયા છીએ. ચાર ગતિના દુઃખો તે જ આ ચાર પ્રકારના ભવપરાવર્તનના દુઃખો છે. મિથ્યાત્વ અને મોહને વશ જુદા જુદા ભવોમાં રખડતો અને જુદા જુદા દેહ ધારણ કરતો જીવ જુદા જુદા પ્રકારના દુઃખો ભોગવે છે. જેમાં શારીરિક દુઃખ, માનસિક દુઃખ, અવસ્થાજન્ય દુઃખ, કર્મોદયજન્ય દુઃખ, સ્વભાવપ્રતિઘાતના દુઃખ જેવા સઘળા પ્રકારના દુઃખો સતતપણે ભોગવતો આવ્યો છે. તેથી આ ભવપરાવર્તન મહાદુઃખદાયી જાણવું. પરંતુ આ પરાવર્તનો અને તેના દુઃખોથી છૂટવાનો ઉપાય મનુષ્યના ભવમાં હોય છે. પરંતુ આ ભવપરાવર્તનમાં મનુષ્યભવની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે.

## ભવપરાવર્તનમાં મનુષ્યભવની દુર્લભતા

ભવપરાવર્તન પૂરું થવા માટે કાળપરાવર્તન કરતાંય અનંતગણો અધિક કાળ જોઇએ છે. આ ભવપરાવર્તનમાં બીજા અસંખ્ય અને અનંતભવો કરે ત્યારે મનુષ્યનો એકાદ ભવ ભાગ્યે જ પ્રાપ્ત થાય છે.

એક ભવપરાવર્તનનાં ભ્રમણ દરમ્યાન મનુષ્યનો એક ભવ ત્યારે મેળવે છે કે તેની સામે નરકના અસંખ્ય ભવ મેળવે છે. કોઇ વખત ઉપરાઉપરી આઠ ભવ સુધી મનુષ્યના ભવ મળી શકે છે પણ એકંદરે મનુષ્યના એક ભવ કરતાં નરકનાં અસંખ્ય ભવ હોય છે. નરકના એક એક ભવ કરતાં દેવના ભવ તેના કરતાંય અસંખ્યગણા હોય છે અને દેવના એક ભવની સામે તિર્યંચ ગતિના અનંત ભવ કરવા પડે છે.

આ સંસારમાં મનુષ્યોની સંખ્યા સૌથી અલ્પ છે. મનુષ્યથી નારકી અસંખ્યાતગણા અને નારકીથી દેવો તેના કરતાંય અસંખ્યગણા છે. દેવોથી એકેન્દ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના બધા તિર્યંચો અનંતગણા છે. તેથી બીજા અસંખ્ય અને અનંત ભવો મળે ત્યારે મનુષ્યનો એકાદ ભવ મળે છે. આ રીતે આ ભવપરાવર્તનમાં મનુષ્યનો ભવપ્રાપ્ત થવો ઘણો દુર્લભ છે.



સ્વયંભૂરમણ સમુદ્ર સૌથી મોટા વિસ્તારવાળો છે. તેમાં નીચે તળીયામાં રેતીને બદલે રત્નો હોય છે. તે સમુદ્રમાં કોઇ રત્ન ફેંકી દેવામાં આવે તો તે અફાટ સમુદ્રમાં એવું વિલીન થઇ જાય છે કે તે રત્ન પાછું મેળવવું મુશ્કેલ બને છે. તેમ રત્ન સમાન મનુષ્યભવ એકવાર ગુમાવ્યા પછી તે ભવપરાવર્તનરૂપી ભવ સમુદ્રમાં એવું વિલીન થઇ જાય છે કે તે મનુષ્યભવ ફરી પ્રાપ્ત થવો દુર્લભ બને છે. પરંતુ આ ભવપરાવર્તનમાં આત્મહિતને અનુકૂળ હોય એવો મનુષ્યનો ભવ પ્રાપ્ત થાય તો અનંત ભવપરાવર્તનના અભાવનો ઉપાય તે મનુષ્યના એક જ ભવમાં થઇ શકે છે. આત્મહિતને અનુકૂળ એવો મનુષ્યનો ભવ મહાભાગ્યે જ પ્રાપ્ત થતો હોય તે જ ભવપરાવર્તનમાં મનુષ્યભવની દુર્લભતા છે અને દુર્લભ મનુષ્યભવનો સદુપયોગ આત્મહિત માટે થવો તે જ તેની મહત્તા છે.

## ભવપરાવર્તનમાં મનુષ્યભવની મહત્તા

નરકાદિ ભવોના જઘન્યથી શરૂ કરીને ઉત્કૃષ્ટ આયુષ્ય સુધીના દરેક સમયે ઉપજવારૂપ સંસારીજીવના ભ્રમણને ભવપરાવર્તન કહે છે.

ભવપરાવર્તનમાં આ દુર્લભ મનુષ્યના ભવની મહત્તા તેનામાં સમ્યગ્દર્શનરૂપ આત્મહિતની યોગ્યતાને કારણે છે. સમ્યગ્દર્શન માટે આત્માની અંદરની યોગ્યતા તરીકે સમજણ અને વિવેક બુદ્ધિ જરૂરી છે અને બહારની યોગ્યતા તરીકે વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર અને જ્ઞાની ધર્માત્માની દેશના જરૂરી છે. આ સઘળી બાબત વર્તમાન મનુષ્ય ભવમાં ઉપલબ્ધ છે. આ કારણે નવીન સમ્યગ્દર્શન કે તેના માટેના સંસ્કાર મનુષ્ય જીવનમાં મેળવી શકાય છે. મનુષ્યના એક ભવનો સદુપયોગ સમ્યગ્દર્શન સાધવા માટે કરવામાં આવે તો અનંત ભવભ્રમણના કારણભૂત ભવપરાવર્તનનો અને તેના દુઃખોનો અંત આવે છે અને તે જ આ ભવપરાવર્તમાં મનુષ્યના ભવની મહત્તા છે.

### ભવપરાવર્તનની અંજલિ

સંસારચક્રમાં ઘૂમતો અને ભવપરાવર્તન કરતો સંસારી જીવ નિગોદથી લઇને નવમી ગ્રૈવેયકના દેવ સુધીના બધાં ભવો અનેકવાર પામ્યો છે અને તે દરમ્યાન અનેક પ્રકારના અનંત દુઃખો ભોગવતો આવ્યો છે. આ દુઃખોનું મૂળ કારણ મિથ્યાત્વ છે અને તે મિથ્યાત્વને મટાડવાનો ઉપાય મનુષ્યના ભવમાં છે.



અનાદિ ભવપરાવર્તનનો અભાવ કરી મોક્ષમહેલમાં પહોંચવા માટે એક માત્ર મનુષ્યભવ જ મોક્ષમહેલનું પ્રવેશદ્વાર છે. અનાદિ અજ્ઞાનથી અંધ થયેલો જીવ મોક્ષમહેલમાં પ્રવેશવા માટે તેના કિલ્લાની દીવાલને હાથ અડાડીને ચાર ગતિના ભવપરાવર્તનના ચક્કર લગાવે છે, ત્યારે મનુષ્યભવરૂપી પ્રવેશદ્વાર પાસે આવતાં પ્રમાદથી માથું ખંજવાળે છે એટલે કે ભોગોપભોગમાં રોકાઇ જાય છે. અને મનુષ્યભવ પસાર થઇ જાય છે. તેથી ભવપરાવર્તન ચાલુ જ રહે છે. હવે જ્યારે મનુષ્યભવરૂપી પ્રવેશદ્વાર પાસે આવ્યો છે, ત્યારે પ્રમાદ છોડી સાવધાનીથી આત્મહિતનું સમ્યગ્દર્શનનું સાધન કરે તો મોક્ષમહેલમાં પ્રવેશ પામી ભવપરાવર્તનનો અંત આણી શકે છે. આ બાબત પંડિત દૌલતરામજીના શબ્દોમાં–

(નરેન્દ્ર છંદ : જોગીરાસા)

मोक्ष महल की परथम सीढी, या बिन ज्ञान चरित्रा;
सम्यक्ता न लहै, सो दर्शन, धारो भव्य पवित्रा ।
''दौल'' समज सुन चेत सयाने, काल वृथा मत खोवे
यह नर भव फिर मिलन कठिन है, जो सम्यक् नहिं होवे ।।


**ભાવાર્થઃ** મનુષ્યના ભવમાં જેની સુલભતા છે તે સમ્યગ્દર્શન જ મોક્ષરૂપી મહેલનું પ્રથમ પગથિયું છે. સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન અને ચારિત્ર પણ સમ્યક્પણું પામતા નથી. તેથી હે ભવ્ય જીવો ! તમે આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કરો. પં. દૌલતરામ પોતાને સંબોધીને આપણને કહે છે, હે સમજુ આત્મા ! તું આવા સમ્યગ્દર્શનનાં પવિત્ર સ્વરૂપને જાણીને તેની દેશના જ્ઞાની પાસેથી પ્રાપ્ત કરવામાં

સાવધાન થા. તારો આ મનુષ્યનો ભવ ભોગોને ભોગવવામાં ફોગટ ન ગુમાવ. કેમ કે, જો આ ભવમાં સમ્યક્ત્વ ન પામ્યો તો આવો મનુષ્યનો ભવ ફરીને મળવો મુશ્કેલ છે. (છ ઢાળા : ઢાળ ૩ : ગાથા ૧૭)

## ૫. ભાવપરાવર્તન

**અનેક પ્રકારના પોતાના ભાવના પરિવર્તનને એટલે કે પોતાના કષાય-યોગસ્થાનરૂપ પરિણામોના પલટવા રૂપ સંસારીજીવના ભ્રમણને ભાવપરાવર્તન કહે છે.**

સંસારનો અર્થ સંસરણ પામેલી આત્માની અશુદ્ધ અવસ્થા છે. આ અશુદ્ધ અવસ્થા નિરંતર જુદા જુદા પ્રકારે બદલાતી રહે છે અને તેનું નામ જ ભાવપરાવર્તન છે.



કોઈપણ પદાર્થ અને પોતાનો આત્મા અનેકાંતસ્વરૂપ હોવાને કારણે કાયમ ટકીને કાયમ પરિણમે છે. પદાર્થનું આ પરિણમન શુદ્ધ હોય તો તે દરેક સમયે એક સરખું હોય છે અને તેથી તેનામાં પરિવર્તનનો અભાવ છે જેને મોક્ષદશા કહે છે. અને આ પરિણમન અશુદ્ધ હોય તો તે પ્રત્યેક સમયે જુદું જુદું બદલાતું રહે છે અને તેથી તેનામાં પરિવર્તનનો સદ્‌ભાવ છે જેને સંસારદશા કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો મોક્ષદશાનું પરિણમન શુદ્ધ હોવાથી સીધી લીટી સમાન એક સરખું છે. આ સીધી લીટીને ગમે તેટલી લંબાવીએ તોપણ તે પોતાના મૂળ સ્થાને ક્યારેય પરત ફરતી નથી. તેથી તેમાં પરાવર્તનનો અભાવ છે. સંસારદશાનું પરિણમન અશુદ્ધ હોવાથી વાંકીચૂંકી લીટી સમાન જૂદું જૂદું છે. આ વાંકીચૂંકી લીટીને લંબાવીએ તો તે પોતાના મૂળ સ્થાને ક્યારેક પરત ફરે છે. તેથી તેમાં પરાવર્તનનો સદ્‌ભાવ છે. આ રીતે સંસારદશામાં પરાવર્તન છે. આ પરાવર્તન એ જ ભાવપરાવર્તન છે. સંસારના સ્વરૂપપણે પાંચેય પ્રકારના પરાવર્તનો એક સાથે ચાલતા હોય છે પણ તે બધામાં ભાવપરાવર્તન પ્રમુખ છે. કેમ કે, આ ભાવપરાવર્તન છે તો જ બાકીના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવપરાવર્તન છે અને આ ભાવપરાવર્તનનો અભાવ એ સઘળા પ્રકારના પરાવર્તનનો અભાવ છે. તેથી ભાવપરાવર્તન જ બધાં પરાવર્તનોનું મૂળ છે. પાંચ પ્રકારના પરાવર્તનરૂપ સંસારમાં ભાવપરાવર્તન જ જીવના નિજભાવ સાથે સંબંધિત હોવાથી નિશ્ચયથી સંસાર છે. બાકીના પરાવર્તનો પરભાવ સાથે સંબંધિત હોવાથી વ્યવહારથી સંસાર છે. જેમાં દ્રવ્યપરાવર્તન પુદ્‌ગલના પરમાણુઓ, ક્ષેત્રપરાવર્તન આકાશના પ્રદેશો, કાળપરાવર્તન કલ્પકાળના સમયો અને ભવપરાવર્તન ભવની સ્થિતિરૂપ પરભાવ સાથે સંબંધિત છે. તેથી તે વ્યવહારથી સંસાર છે.

સંસારી જીવના અશુદ્ધ ભાવનું પરિવર્તન એ જ ભાવ પરાવર્તન છે. આ અશુદ્ધ ભાવને અનુસરીને તે જ પ્રમાણે ડીગ્રી ટુ ડીગ્રી પૌદ્‌ગલિક કર્મનું બંધન થાય છે. તેથી આ કર્મબંધનનાં આધારે જીવના ભાવ અને તેના પરિવર્તનને સમજવામાં આવે છે. જેમ વાતાવરણનું તાપમાન અને તેમાં થતા ફેરફારને જાણવા માટે થર્મોમીટર કામમાં આવે છે. તેમ સંસારી જીવના ભાવ અને તેના પરિવર્તનને સમજવા માટે કર્મબંધન કામમાં આવે છે. જીવના કર્મબંધનના કારણભૂત જીવના અશુદ્ધ ભાવ છે, જે મુખ્યત્વે કષાય અને યોગરૂપે છે. કષાય એ આત્માની ચારિત્ર ગુણની વિકારી દશા છે. અને યોગ એ આત્મપ્રદેશોનું પરિસ્પંદન કે કંપન છે. સંસારી જીવના કષાય અને યોગ ભાવને કારણે થતા કર્મબંધન ચાર પ્રકારે છે– ૧. પ્રદેશબંધ ૨. પ્રકૃતિબંધ ૩. સ્થિતિબંધ અને ૪. અનુભાગબંધ.


**૧. પ્રદેશબંધ :** જીવના મન-વચન-કાયરૂપ યોગના પરિણામના કારણે પૌદ્‌ગલિકકર્મના પરમાણુઓનો જે જથ્થો કે સંખ્યા જીવના ક્ષેત્રમાં પ્રવેશી જીવ સાથે સંબંધ પામે તેને પ્રદેશબંધ કહે છે.

**૨. પ્રકૃતિબંધ :** જીવના યોગના પરિણામના નિમિત્તે જ જીવના પ્રદેશમાં પ્રવેશ પામેલા પૌદ્‌ગલિકકર્મનું જ્ઞાનાવરણીયાદિ મૂળ આઠ પ્રકારે અને તેના એકસો અડતાલીસ પેટા પ્રકારે જે વર્ગીકરણ કે વિભાગીકરણ થાય છે તેને પ્રકૃતિબંધ કહે છે.

**૩. સ્થિતિબંધ :** જીવના કષાય ભાવના નિમિત્તે જ્ઞાનાવરણીયાદિ કર્મની પ્રકૃતિ બંધાયા પછી કેટલા સમય સુધી તેની સત્તા રહી શકે તેવી તેની મર્યાદાના નિર્ધારણને તેનો સ્થિતિબંધ કહે છે.

**૪. અનુભાગબંધ :** જીવના કષાયના પરિણામના નિમિત્તે જ્ઞાનાવરણીયાદિ કર્મની પ્રકૃતિમાં જે ફળદાન શક્તિની તીવ્રતા - મંદતા હોય છે તેને તેનો અનુભાગબંધ કહે છે.

અહીં પ્રદેશ અને પ્રકૃતિ બંધનું કારણ જીવના યોગના પરિણામ તથા સ્થિતિ અને અનુભાગબંધનું કારણ જીવનાં કષાયના પરિણામ છે. આ કષાય અને યોગના પરિણામનું પરિવર્તન એ જ ભાવપરાવર્તન છે. કષાય અને યોગના નિમિત્તે થતા કર્મબંધનનાં આધારે ભાવપરાવર્તનની સમજૂતી નીચે મુજબ છે.


જ્ઞાનાવરણીયકર્મ સંબંધી સ્થિતિ અને અનુભાગ બંધના કારણભૂત કષાયસ્થાનો અને પ્રદેશ-પ્રકૃતિ બંધના કારણભૂત યોગના સ્થાનોના આધારે સંસારીજીવનું ભાવપરાવર્તન દર્શાવતું ચિત્ર

અહીં નમૂના તરીકે આઠ પ્રકારના કર્મ પૈકી જ્ઞાનાવરણીય કર્મ સંબંધિત ભાવપરાવર્તન માટેની સમજૂતી જોઇએ છીએ. જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગરની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડાક્રોડી સાગરની હોય છે. જઘન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીના પ્રથમથી માંડીને અંતિમ સમય સુધીનાં દરેક અંશ કે ભાગને તેનો પાટડો કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય સ્થિતિ ધરાવતા પ્રથમ પાટડાથી ભાવપરાવર્તનની શરૂઆત કરીએ છીએ. જ્ઞાનાવરણીય કર્મની પ્રકૃતિના ઓછામાં ઓછા અંતઃક્રોડાક્રોડી સાગરની જઘન્ય સ્થિતિના પ્રથમ પાટડાને અનુરૂપ સ્થિતિબંધના કારણભૂત કષાયના સ્થાનો અસંખ્ય પ્રકારના હોય છે. અને તેનો ચોક્કસ પ્રકારનો એક ક્રમ હોય છે. આ સ્થિતિબંધના કારણભૂત એક એક કષાયના જે ક્રમિક સ્થાનો છે તેની સામે તેને અનુરૂપ અનુભાગબંધના કારણભૂત કષાયના સ્થાનો પણ ક્રમિકપણે અસંખ્ય પ્રકારના છે. આ એક એક અનુભાગ બંધના કારણભૂત જે ક્રમિક કષાયના સ્થાનો છે તેની સામે તેને અનુરુપ પ્રદેશ-પ્રકૃતિબંધના કારણભૂત યોગના સ્થાનો ક્રમિકપણે અસંખ્ય પ્રકારના છે. આ બધાંય કષાય અને યોગના ક્રમિક સ્થાનોમાંથી જીવ ક્રમિકપણે પસાર થાય ત્યારે તે જ્ઞાનાવરણીય કર્મ સંબંધિત જઘન્ય સ્થિતિના પહેલા પાટડાનું ભાવપરાવર્તન પૂરું થાય છે. અહીં દરેક પ્રકારના ક્રમિક કષાય અને યોગના સ્થાનોમાંથી સંસારી જીવ ક્રમપૂર્વક પસાર થાય તે જ ગણત્રીમાં આવે છે બીજા ક્રમ વગરના અનેક સ્થાનોમાંથી અનેકવાર પસાર થાય છે તે ભાવો ગણત્રીમાં આવતા નથી. આ રીતે જઘન્ય સ્થિતિનો અંતઃક્રોડાક્રોડી સાગરનો પ્રથમ પાટડો પૂરો કર્યા પછી અંતઃક્રોડાક્રોડી સાગર અને એક સમયનો બીજો પાટડો, અંતઃક્રોડાક્રોડી સાગર અને બે સમયનો ત્રીજો પાટડો... આ રીતે ત્રીસ ક્રોડાક્રોડી સાગરના અંતિમ પાટડા સુધીના પ્રત્યેક સમયના પ્રત્યેક પાટડા ક્રમપૂર્વક પસાર કરે ત્યારે જ્ઞાનાવરણીયકર્મ સંબંધનું એક ભાવપરાવર્તન પૂરું થાય છે. આ બાબતની કોષ્ટકમાં રજૂઆત છે.

| જ્ઞાનાવરણીયકર્મના જઘન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિના સ્થાનો | ભાવપરાવર્તનના કારણભુત કર્મની સ્થિતિના પાટડાનો ક્રમ | સ્થિતિના પાટડાને અનુરૂપ સ્થિતિબંધના કારણભુત કષાયના સ્થાનનો ક્રમ | સ્થિતિબંધને અનુરૂપ અનુભાગબંધના કારણભુત કષાયના સ્થાનનો ક્રમ | અનુભાગબંધને અનુરૂપ પ્રદેશ-પ્રકૃતિ બંધના કારણભૂત યોગના સ્થાનનો ક્રમ |
|---|---|---|---|---|
| અંતઃક્રોડાક્રોડી સાગરનો જઘન્યકાળ | ૧ | ૧ | ૧ | ૧ |
| અંતઃક્રોડાક્રોડી સાગર + ૧ સમય | ૨ | ૨ | ૨ | ૨ |
| અંતઃક્રોડાક્રોડી સાગર + ૨ સમય | ૩ | ૩ | ૩ | ૩ |
| ........... | ........... | ........... | ........... | ........... |
| ........... | ........... | ........... | ........... | ........... |
| ૩૦ કોડાક્રોડીસાગર નો ઉત્કૃષ્ટ કાળ | અસંખ્ય | અસંખ્ય | અસંખ્ય | અસંખ્ય |

**જ્ઞાનાવરણીય કર્મબંધના કારણભૂત ભાવપરાવર્તનનો કુલ કાળ દર્શાવતું સૂત્ર**

જ્ઞાનાવરણીય કર્મના કારણભૂત ભાવપરાવર્તનના કુલ સમયો = અસંખ્ય ! × અસંખ્ય ! × અસંખ્ય ! × અસંખ્ય ! = અનંતાનંતકાળ.
(દા.ત. ૫ ! = ૧×૨×૩×૪×૫ = ૧૨૦ થાય. અહીં અસંખ્યાત ! = ૧×૨×૩...× અસંખ્યનો ક્રમગુણિત ગુણાકાર છે. જેની ગણત્રી અનંત જેટલી થાય. આ અનંતનો અનેકવાર ગુણાકાર અનંતાનંતકાળ જેટલો થાય)

ઉપરોક્ત જ્ઞાનાવરણીય કર્મની પ્રકૃતિની જેમ દરેક કર્મની પ્રકૃતિઓનું તેના પેટાકર્મની પ્રકૃતિઓ સહિત દરેક ભાવપરાવર્તન પૂરું થાય ત્યારે એક ભાવપરાવર્તન પૂરું થયેલ ગણાય છે. આ ભાવપરાવર્તન પૂરું થતાં ભવપરાવર્તન કરતાંય અનંતાનંતગણો વધુ કાળ જોઇએ છે.

**પ્રશ્ન : ભવપરાવર્તન કરતાંય ભાવપરાવર્તનનો કાળ અનંતાનંતગણો વધુ કઇ રીતે ?**

**ઉત્તર :** કોઇપણ એક ગતિનાં ભવનાં જઘન્યથી ઉત્કૃષ્ટ સુધીના આયુષ્યના દરેક પાટડે તે આયુષ્યના જેટલા સમયો હોય તેટલીવાર ત્યાં જન્મ પામે અને તે રીતે ક્રમપૂર્વક જઘન્યથી ઉત્કૃષ્ટ આયુષ્યનો દરેક પાટડો પૂરો કરે ત્યારે તે ગતિ સંબંધી ભવપરાવર્તન પૂરું થાય છે. આ રીતે ચારેય ગતિ સંબંધી ભવપરાવર્તન પૂરું થાય ત્યારે એક ભવપરાવર્તન પૂરું થયેલ ગણાય છે. આ ભવપરાવર્તન પૂરું થતા કાળપરાવર્તન કરતાંય અનંતગણો વધુ કાળ જોઇએ છે.

ભાવપરાવર્તનમાં કોઇ એક કર્મની જઘન્ય સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિના ૧. સ્થિતિ સ્થાનો, ૨. સ્થિતિબંધના કારણભૂત કષાયના સ્થાનો, ૩. અનુભાગબંધના કારણભૂત કષાયના સ્થાનો અને ૪. પ્રદેશ-પ્રકૃતિબંધના કારણભૂત યોગના સ્થાનોને આ જીવ ક્રમપૂર્વક કરે ત્યારે તે કર્મસંબંધી ભાવપરાવર્તન પૂરું થાય છે. આ રીતે કર્મની મૂળ અને પેટા પ્રકૃતિ સંબંધી સઘળા ભાવપરાવર્તનને પૂરા કરે ત્યારે એક ભાવપરાવર્તન પૂરું થયેલ ગણાય છે.

ભવપરાવર્તનનાં કારણભૂત કોઇ એક ગતિના જઘન્યથી ઉત્કૃષ્ટ આયુષ્યના કુલ સમયો કરતાં ભાવપરાવર્તનના કારણભૂત કોઇ એક કર્મની જઘન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિનાં કારણભૂત ભાવોનાં સ્થાનો અસંખ્યગણા વધુ છે. કેમ કે, ભવપરાવર્તનના કારણભૂત ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરનું હોય છે. જ્યારે ભાવપરાવર્તનના કારણભૂત કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિના સ્થાનો આયુષ્ય સિવાયનાં બાકીનાં બધા કર્મનાં ક્રોડાક્રોડી સાગરમાં હોય છે. જેના કુલ સમયો ૩૩ સાગર કરતાં અસંખ્યગણા વધુ હોય છે. આ ઉપરાંત ભવપરાવર્તનમાં તેનાં કારણભૂત આયુષ્યના દરેક સમયનાં પાટડે તે આયુષ્યનાં જેટલા સમયો હોય તેટલી વારનો સંચય (Combination) હોય છે અને તે એક જ બાબત જન્મ સાથે સંકળાયેલ હોય છે. જ્યારે ભાવપરાવર્તનમાં તેનાં કારણભૂત કર્મની જઘન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિનાં દરેક પાટડે તે સ્થિતિને અનુરુપ સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ-પ્રકૃતિ બંધનાં કારણભૂત કષાય અને યોગના સ્થાનોનો ક્રમચય (Permutation) હોય છે અને તે ચાર બાબત કર્મની સ્થિતિના પાટડા, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશ-પ્રકૃતિબંધ સાથે સંકળાયેલ હોય છે. આ કારણે ભવપરાવર્તન કરતાંય ભાવપરાવર્તન પૂરું થતા અનંતાનંતગણો વધુ કાળ જોઇએ છે. તે આ રીતે-

જ્ઞાનાવરણીયકર્મ સંબંધી ભાવપરાવર્તન માટે કારણભૂત તે કર્મની જઘન્ય સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગરથી લઇને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી સાગરનાં એક એક સમયના એક એવા અસંખ્યાત પાટડા હોય છે અને તે ભવપરાવર્તનના કારણભૂત વધુમાં વધુ ૩૩ સાગરના સમયો કરતાં અસંખ્યાતગણા વધુ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવપરાવર્તનોના કારણભૂત સ્થાનો ઉત્તરોત્તર ઓછા હોવા છતાં તે પરાવર્તન પૂરું થતાં ઉત્તરોત્તર અનંતગણો વધુ કાળ થાય છે. જ્યારે અહીં તો ભાવપરાવર્તનનાં કારણભૂત જઘન્યથી ઉત્કૃષ્ટસ્થાનો ભવપરાવર્તનથી પહેલેથી જ અસંખ્યાતગણા વધુ છે. વળી ભાવપરાવર્તનનાં કારણભૂત એક એક સ્થિતિનાં પાટડાને અનુરુપ સ્થિતિબંધના કષાયના સ્થાનો અસંખ્યાત લોકપ્રમાણ હોય એવા અસંખ્ય છે. આ અસંખ્ય એટલા છે કે જે અનંતની એકદમ નજીક હોય છે. કેમ કે, અસંખ્યાત ચોવીસીના સમયો હોય તેનાં કરતાં પણ અસંખ્યાતગણા પ્રદેશો એક અંગુલનાં અસંખ્યાત ભાગમાં હોય છે. તેના કરતાંય અસંખ્યાતગણા પ્રદેશ આખા લોકનાં હોય છે. આ જ રીતે એક એક સ્થિતિબંધના કષાયના સ્થાનો સામે અનુભાગબંધના કારણભૂત કષાયના સ્થાનો પણ અસંખ્યાત લોકપ્રમાણ હોય એવા અસંખ્ય છે. અને એક એક અનુભાગબંધના સ્થાનો સામે પ્રદેશ-પ્રકૃતિબંધનાં કારણભૂત યોગના સ્થાનો જગતશ્રેણીના અસંખ્યાતપ્રમાણ હોય એવા અસંખ્ય છે. અહીં એક એક સ્થાનને કારણભૂત કષાય અને યોગના ભાવોની ક્રમપૂર્વક ગોઠવણી એટલે કે ક્રમચય (Permutation) કરવામાં આવે તો તે અનંત પ્રકારે થાય છે. અને જીવ આ દરેક પ્રકારના કષાયના તેમ જ યોગના સ્થાનો ક્રમપૂર્વક કરે ત્યારે તે જ્ઞાનાવરણીયકર્મની જઘન્ય સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગરના પ્રથમ સ્થાનના ભાવપરાવર્તનને પૂરું કરે છે. અહીં ક્રમ વગરના પણ અનેક ભાવો વચ્ચે થાય છે. કેમ કે, અનંત પ્રકારના

ભાવોમાંથી કોઇ ચોક્કસ એક જ પ્રકારનો ભાવ થવો શક્ય હોતો નથી અને આવા ક્રમ સિવાયના ભાવો ગણત્રીમાં આવતા નથી. જો કે દરેક ભાવ ક્રમપૂર્વક થાય તોપણ આ જ્ઞાનાવરણીય કર્મ સંબંધી પ્રથમ સ્થાનને પણ પૂરું કરતાં અનંતકાળ લાગે છે પરંતુ દરેક ભાવ ક્રમપૂર્વક થતો જ નથી અને વચ્ચે ક્રમ વગરના અનંત ભાવો થાય છે તેને પણ ધ્યાનમાં લેવામાં આવે તો આ પ્રથમ સ્થાનને પૂરું કરતાં જ અનંતાનંત કાળ થાય છે અને તે સમગ્ર ભવપરાવર્તનના કાળ કરતાંય આ પ્રથમ સ્થાનના ભાવપરાવર્તનમાં પણ અનંતાનંતગણો વધુ કાળ થાય છે. જ્ઞાનાવરણીયકર્મનાં ભાવપરાવર્તનનાં આ પ્રથમ સ્થાનના પ્રથમ પાટડા પછી આ જ રીતે અંતઃકોડાકોડી સાગર અને એક સમયની સ્થિતિ માટેનો બીજો પાટડો, અંતઃકોડાકોડી સાગર અને બે સમયની સ્થિતિ માટેનો ત્રીજો પાટડો... અને એ રીતે જ્ઞાનાવરણીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગર (૧.૨૪×૧૦[illegible] વર્ષ)નો અંતિમ પાટડો પૂરો કરે ત્યારે જ્ઞાનાવરણીયકર્મ સંબંધી એક ભાવપરાવર્તન પૂરું થાય છે. આ રીતે દરેક કર્મની મૂળ અને પેટા પ્રકૃતિના બધાં ભાવપરાવર્તન પૂરા થાય ત્યારે એક ભાવપરાવર્તન પૂરું થતાં ભવપરાવર્તન કરતાંય અનંતાનંતગણો અધિક કાળ જોઇએ તે સમજી શકાય છે. અત્યાર સુધીના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવપરાવર્તનમાં ઉત્તરોત્તર અનંતગણો અધિક કાળ થતો હતો પણ આ ભાવપરાવર્તનમાં તે અનંતાનંતગણો અધિક થાય છે. તેથી એક ભાવપરાવર્તન પૂરું થાય તેટલા ગાળામાં બાકીના ચારેય પરાવર્તનો અનંનાનંત પૂરાં થાય છે. આ જીવે આવા ભાવપરાવર્તન પણ અનંતવાર કર્યા છે અને તે દરમ્યાન અનંત અનંત દુઃખો ભોગવ્યા છે.

**પ્રશ્ન :** અનંત ભાવપરાવર્તનો અને તેના અનંત દુઃખોની કાલ્પનિક વાત કરી જીવને ડરાવી ધમકાવીને ધર્માભિમુખ કરવા માટેનો આ બધો ઉપાય છે ?


**ઉત્તર :** આ જીવ આજકાલનો નથી પણ અનાદિ કાળનો છે. અનાદિ કાળથી આજ સુધીમાં આ જીવે ભાવપરાવર્તનો પણ અનંત કર્યા છે.

અનાદિકાળથી આજ સુધીમાં અનંતકાળ પસાર થયો છે. આ અનંતકાળ પારમાર્થિકપણે અનંત એટલે કે અક્ષય અનંત છે. તેથી તેનો વાસ્તવમાં કોઇ અંત નથી. જ્યારે ભાવપરાતર્વનનો કાળ ઉપચરિત અનંત એટલે કે સક્ષય અનંત છે અને તેથી તેનો વાસ્તવિક અંત હોય છે. પારમાર્થિક અનંતકાળમાં એટલે કે અક્ષય અનંતકાળમાં અનંત ઉપચરિત અનંતકાળ એટલે કે સક્ષય અનંતકાળ સમાઇ જાય છે. તેથી અનાદિકાળથી આજ સુધીમાં આ જીવના ભાવપરાવર્તન પણ અનંત થયા હોય તે સમજી શકાય તેવું છે. તેથી તે કોઇ કલ્પના નથી પણ વાસ્તવિકતા છે.

સમગ્ર સંસાર દુઃખમય છે અને તેથી ભાવપરાવર્તનરૂપ સંસાર પણ દુઃખમય જ છે. સંસારમાં જેને સુખ માનવામાં આવે છે તે પણ એક ભ્રાંતિ છે. વાસ્તવમાં તે પણ દુઃખ જ છે. દુઃખ હોવા છતાં તેને સુખ માનવાની ભ્રાંતિ કઇ રીતે થાય છે તેની સમજૂતી હવે પછી તેના પ્રકરણ અનુસાર આપવામાં આવશે. તેથી ભાવપરાવર્તનમાં અનંત દુઃખ છે તે પણ કોઇ કલ્પના નથી પણ નક્કર વાસ્તવિકતા છે.

વળી કોઇને ડરાવી ધમકાવીને ધર્માભિમુખ કરાવી શકાતું નથી. સંસારના દુઃખમય સ્વરૂપની સાચી સમજણ અને સંસાર પ્રત્યેના વૈરાગ્યથી જ ધર્માભિમુખતા સંભવે છે. ભાવપરાવર્તન સંસારનું દુઃખમય સ્વરૂપ દર્શાવી સંસાર પ્રત્યેનો તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે. આ રીતે તે સંસારના અભાવ માટે ધર્માભિમુખતાનો પુરુષાર્થ પ્રેરે છે. વર્તમાન મનુષ્યજીવનનો ભાવ આવા પુરુષાર્થ માટે એકદમ ઉપયુક્ત હોવાથી હતોત્સાહ કે ભયભીત થવાને બદલે ઉત્સાહ અને ઉમંગપૂર્વક પુરુષાર્થના પ્રવર્તન વડે અનાદિ ભાવપરાવર્તનના અનંત દુઃખો મટાડવાનો ઉપાય કરવો જોઇએ.

## ભાવપરાવર્તનનું દુઃખ




સંસારી જીવ પોતાના કષાય અને યોગરૂપ અનેક પ્રકારના ભાવોને ક્રમપૂર્વક ભાવે ત્યારે એક ભાવપરાવર્તન પૂરું કરે છે. ભાવપરાવર્તનરૂપ સંસારમાં ભટકતો સંસારી જીવ સતતપણે પોતાના ભાવોનું પરિવર્તન પામી સતતપણે દુઃખ પામે છે.

આ જીવનો ઉપયોગ કે ભાવ પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં સ્થિત રહે તો તે શુદ્ધ અને સ્થિર હોય છે. અને તેમાં ભાવના પરિવર્તનના અભાવને કારણે ભાવપરાવર્તનરૂપ સંસાર સંભવતો નથી. પણ જો આ જ ઉપયોગ કે ભાવ પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં સ્થિત ન રહે તો તે અશુદ્ધ અને અસ્થિર હોય છે અને તેથી તેમાં ભાવના પરિવર્તનના સદ્ભાવને કારણે ભાવપરાવર્તનરૂપ સંસાર હોય છે. આ રીતે જીવનો અશુદ્ધ ઉપયોગ કે ભાવ એ જ ભાવપરાવર્તન છે. બહારના કોઈપણ વિષય કે સ્થાનમાં લાગેલો અશુદ્ધ ભાવ પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકીને થયેલો હોવાથી તે ભાવને કોઈ શરણ નથી. તેથી તે ભાવ સતત પલટાતો રહે છે. ભાવોનું આ પલટાવું તે જ ભાવપરાવર્તન છે. તેમ જ ભાવોનું આ પલટાવું તે જ આકુળતા છે. અને આકુળતા એ દુઃખનું લક્ષણ છે. તેથી ભાવપરાવર્તન દુઃખરૂપ છે.

સંસારી જીવને જે અનેક પ્રકારના દુઃખો છે તે બધામાં સૌથી મોટું દુઃખ માનસિક દુઃખ અને સ્વભાવપ્રતિઘાતનું દુઃખ હોય છે. જીવના ભાવપરાવર્તનનું કારણ મુખ્યત્વે તેના કષાયભાવો છે. જીવના અનેક પ્રકારના ક્રોધાદિ કષાયભાવો પોતે જ માનસિક અશાંતિ અને આકુળતારૂપ હોવાથી તે પોતે જ માનસિક દુઃખ છે. સંસારી જીવને કોઈને કોઈ કષાય ભાવ કાયમ માટે હોય છે અને તેથી તેનું માનસિક દુઃખ પણ કાયમ માટે હોય છે. વળી જીવના આ કષાયભાવો તેના સ્વભાવપ્રતિઘાતનું પણ કારણ થાય છે. આ કષાયભાવો પોતાના શુદ્ધ સ્વભાવનો અનાદર કરીને તેનો ઘાત કરનારા હોય છે. પોતાના સ્વભાવના ઘાતના કારણે પોતાની જ્ઞાન-દર્શન-સુખાદિ અનંત શક્તિઓની પ્રગટતા થતી નથી અને તેમાં આવરણ, ઊણપ, અશુદ્ધિ કે વિકૃતિ આવે છે, જેને સ્વભાવપ્રતિઘાત કહે છે. આ સ્વભાવપ્રતિઘાત પોતે જ પોતાના સ્વાભાવિક સુખની અપ્રગટતા અને તેની વિકૃતિરૂપ હોવાથી તે પોતે જ સ્વભાવપ્રતિઘાતરૂપ દુઃખ છે. સંસારી જીવને આ સ્વભાવપ્રતિઘાત સતત હોય છે અને તેથી તેને સ્વભાવપ્રતિઘાતનું દુઃખ પણ સતત હોય છે. આ રીતે પણ આ ભાવપરાવર્તન મહાદુઃખદાયી જાણવું. પરંતુ આ ભાવપરાવર્તન અને તેના દુઃખોને ટાળવાનો ઉપાય મનુષ્ય જીવનના ભાવમાં હોય છે પરંતુ આ ભાવપરાવર્તનમાં આત્મહિતને યોગ્ય મનુષ્યના ભાવની અત્યંત દુર્લભતા છે.

## ભાવપરાવર્તનમાં મનુષ્યભાવની દુર્લભતા

એક ભાવપરાવર્તનમાં બીજા બધાં પરાવર્તનો અનંતાનંત સમાઈ જાય છે. આ પરાવર્તનોમાં આત્મહિતને સાનુકૂળ મનુષ્યદ્રવ્ય એટલે કે મનુષ્યદેહ, મનુષ્યક્ષેત્ર, મનુષ્યકાળ અને મનુષ્યભવ મળવા ઉત્તરોત્તર દુર્લભ છે. આ બધુંય મળ્યા પછી પણ આત્મહિતને યોગ્ય મનુષ્યભાવ મળવો અત્યંત દુર્લભ છે. સંસારપ્રત્યેનો વૈરાગ્ય, કષાયની મંદતાના વિશુદ્ધ ભાવ અને આત્માર્થીપણાની યોગ્યતારૂપ આત્મરુચિના ભાવ એ આત્મહિતને યોગ્ય મનુષ્યભાવ છે. ભાવપરાવર્તનમાં બીજા અનંતાનંત ભાવો પૈકી આવો ભાવ ભાગ્યેજ મળે છે.



ભાવપરાવર્તનમાં મનુષ્યભાવની દુર્લભતા

'બટેર પક્ષી ઘણું ચકોર અને ચંચળ હોય છે ને દેખતા મનુષ્યના હાથમાં આવવું પણ અઘરું છે. તો આંધળાના હાથમાં તો ક્યાંથી આવે ? કદાચિત્ આંધળાના હાથમાં બટેર પક્ષી આવી જાય તોપણ ભાવપરાવર્તનરૂપ સંસારમાં મનુષ્યનો ભવ અને તેમાં પણ આત્મહિતને અનુકૂળ ભાવ પ્રાપ્ત થવો ઘણો દુર્લભ છે. આત્મહિતને સાનુકૂળ એવો મનુષ્યનો ભાવ પ્રાપ્ત થવો એ જ ભાવપરાવર્તનમાં મનુષ્યભાવની મહત્તા છે.

## ભાવપરાવર્તનમાં મનુષ્યભાવની મહત્તા

સંસારચક્રમાં ઘૂમતો સંસારીજીવ સમગ્ર પ્રકારના શુભાશુભભાવોમાંથી પસાર થાય ત્યારે એક ભાવપરાવર્તન પૂરું કરે છે. ભાવપરાવર્તન દરમ્યાન આ જીવ ઊંચામાં ઊંચો શુભભાવ ભાવે છે અને તેના ફળમાં નવમી ગ્રૈવેયકનું અહમિન્દ્રપણું પામે છે અને તે જ રીતે નીચામાં નીચો અશુભભાવ પણ ભાવે છે અને તેના ફળમાં નિગોદવાસને પ્રાપ્ત થાય છે. આ રીતે ઉત્કૃષ્ટથી નિકૃષ્ટ સુધીના દરેક પ્રકારના શુભાશુભભાવને

કરે અને ભોગવે ત્યારે એક ભાવપરાવર્તન પૂરું કરે છે.



જીવના સુખ-દુઃખ વગેરેનું કારણ તેનો ભાવ જ હોય છે. ભાવથી જ બંધ અને ભાવથી જ મોક્ષ હોય છે. ભાવપરાવર્તન દરમ્યાન મોક્ષ અને તેનાં સુખને યોગ્ય સાનુકૂળ ભાવ મનુષ્યજીવનમાં હોય છે. ભાવપરાવર્તનના ભ્રમણ દરમ્યાન આ જીવ અનંત પ્રકારના ભાવોમાંથી પસાર થાય છે ત્યારે ભાગ્યે જ મનુષ્યપણાને યોગ્ય ભાવને ભાવી મનુષ્યજીવનને પ્રાપ્ત કરે છે. આ કારણે આ મનુષ્યજીવનની પ્રાપ્તિ અને તેમાંય આત્મહિતને અનુકૂળ મનુષ્યનો ભાવ આંધળાના હાથમાં બટેર પક્ષીના આવવા સમાન અત્યંત દુર્લભ છે. વર્તમાન મનુષ્યજીવનમાં કષાયની મંદતા અને સંસારપ્રત્યેનો વૈરાગ્ય આત્મહિતને યોગ્ય મનુષ્યભાવ છે. વળી મનુષ્યજીવનમાં જે સમજણ અને વિવેકના ભાવ હોય છે તે પણ આત્મહિત માટે એકદમ અનુકૂળ હોય છે. પરંતુ આ સમજણ અને વિવેકનો દુરુપયોગ સંપત્તિ અને સત્તા મેળવવા જેવા સાંસારિક કાર્યોમાં કરવામાં આવે તો તેનાથી સંસારની જ વૃદ્ધિ થાય છે પણ જો તેનો સદુપયોગ પોતાના સ્વરૂપની સમજણ અને સ્વ-પરના વિવેક જેવા પારમાર્થિક કાર્યમાં કરવામાં આવે તો તેનાથી સંસારના અભાવનું કારણ એવા સમ્યગ્દર્શનરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે.

આમ આ ભાવપરાવર્તન દરમ્યાનના મનુષ્ય જીવનના આત્મહિતને અનુકૂળ ભાવનો સદુપયોગ સમ્યગ્દર્શનરૂપ મોક્ષમાર્ગની સાધનામાં કરવામાં આવે તો બધાં પ્રકારના પરાવર્તનો અને તેનાં દુઃખોનો અંત આવી મોક્ષ અને તેના સુખની પ્રાપ્તિ થાય છે અને આ જ આ ભાવપરાવર્તનમાં મનુષ્યના ભાવની મહત્તા છે.

## ભાવપરાવર્તનની અંચલિકા

સંસારચક્રમાં ઘૂમતો સંસારીજીવ દરેક કર્મની જઘન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિના દરેક સમયના પાટડે તેના સ્થિતિ અને અનુભાગબંધના કારણભૂત કષાયના સ્થાનો અને પ્રદેશ-પ્રકૃતિબંધના કારણભૂત યોગના સ્થાનોમાંથી ક્રમપૂર્વક પસાર થાય ત્યારે એક ભાવપરાવર્તન પૂરું કરે છે.

ભાવપરાવર્તનનાં કાળમાં બીજા બધાંય પરાવર્તનોનો કાળ અનંત-અનંતવાર સમાઈ જાય છે. જીવના સુખ-દુઃખ, બંધ-મોક્ષ વગેરે સઘળી સ્થિતિનું કારણ ભાવ જ હોય છે. મનુષ્યજીવનની સફળતા કે નિષ્ફળતા તેના ભાવ ઉપર નિર્ભર છે. લોકમાં પણ કહેવાય છે કે જેનો 'ભાવ' સુધર્યો તેનો 'ભવ' સુધર્યો અને જેનો 'ભાવ' બગડ્યો તેનો 'ભવ' બગડ્યો.

ભાવપરાવર્તનમાં ભ્રમણ કરતો જીવ અનેક પ્રકારના અનંત દુઃખો ભોગવે છે. આ બધા દુઃખોનું મૂળ કારણ મિથ્યાત્વ છે અને તેને ટાળવાનો ઉપાય મનુષ્ય જીવનમાં હોય છે. મિથ્યાત્વના ભાવના કારણે ભાવપરાવર્તનરૂપ સંસાર અને તેના દુઃખો છે અને સમ્યક્ત્વના ભાવના કારણે ભાવપરાવર્તનરૂપ સંસાર અને તેના દુઃખોનો અભાવ છે. અનાદિથી ચાલ્યા આવતાં ભાવપરાવર્તનરૂપ સંસારમાં આ જીવ મિથ્યાત્વની જ ભાવનાઓ ભાવતો આવ્યો છે અને તેનાં કારણે સઘળાં પ્રકારના પરાવર્તનો અને તેનાં દુઃખોને પામે છે. પોતે એક સમયને માટે પણ સમ્યક્ત્વની ભાવના ભાવે તો આ સઘળાં પ્રકારના પરાવર્તનો અને તેનાં દુઃખોનો અંત આવે છે. મિથ્યાત્વને બદલે સમ્યક્ત્વની ભાવના અને તેની સાધના કરવાની અમૂલ્ય તક મનુષ્ય જીવનમાં હોય છે. સંસાર અને તેનાં દુઃખોથી ખરેખર ત્રાસ લાગ્યો હોય તો વર્તમાન મનુષ્યજીવનમાં સંપ્રાપ્ત સમ્યક્ત્વને સાનુકૂળ ભાવનો સદુપયોગ સમ્યક્ત્વની સદ્‌ભાવનામાં ભાવી ભાવપરાવર્તન અને તેનાં દુઃખોનો અંત આણી શકાય છે. આ જ બાબતને દર્શાવતા આચાર્યશ્રી ગુણભદ્ર કહે છે –

(અનુષ્ટુપ)

भावयामि भवावर्ते, भावनाः प्रागभाविता ।
भावये भावितानेति, भवाभावाय भावनाः ।।



**ભાવાર્થ :** પૂર્વે અનાદિ કાળથી ભાવવામાં આવી રહેલી મિથ્યાત્વાદિક દુર્ભાવનાના કારણે હું અનાદિ ભાવપરાવર્તનરૂપ સંસારમાં ભ્રમણ કરી રહ્યો છું. હવે એ અનાદિ ભાવપરાવર્તનના "આત્યંતિક અભાવના અર્થે પૂર્વે ક્યારેય પણ નહિ ભાવેલ, નહિ ચિંતવેલ અને નહિ પ્રતીત કરેલ એવી સમ્યક્ત્વાદિકની સદ્‌ભાવનાને ભાવું છું. અનાદિથી ભાવવામાં આવેલી મિથ્યાત્વાદિકની દુર્ભાવનાના ત્યાગ વડે ભાવપરાવર્તન અને તેના દુઃખોનો જ ત્યાગ કરૂં છું. (આત્માનુશાસન : ગાથા ૨૩૮)

## ઉપસંહાર

સંસારને એક ચક્રની ઉપમા છે. જેમ ચક્રને ૧. ધરીભ્રમણ(Rotation), ૨. કક્ષાભ્રમણ (Revolution) અને ૩. પરાવર્તન (Reflection) એમ ત્રણ પ્રકારના ભ્રમણ હોય છે તેમ સંસારરૂપી ચક્રને ૧. મિથ્યાત્વરૂપી ધરીને ફરતું જન્મ-મરણનું ધરીભ્રમણ ૨. પૌદ્‌ગલિક ગતિનામકર્મના કેન્દ્રની આજુબાજુ થતું ચાર ગતિનું કક્ષાભ્રમણ અને ૩. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પાંચ પ્રકારનું પરાવર્તન છે.

આ પાંચેય પ્રકારના પરાવર્તન એક સાથે સતત ચાલે છે. અને તે દરમ્યાન આ જીવ અનેક પ્રકારનું અનંત અનંત દુઃખ ભોગવે છે. પરંતુ આ પરાવર્તનો અને તેના દુઃખોનો અભાવ કરવાનો ઉપાય વર્તમાન મનુષ્ય જીવનમાં છે અને તે જ આ પાંચ પરાવર્તનમાં મનુષ્ય જીવનની મહત્તા છે.

કોઇપણ ભવના કોઇપણ કાર્યમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રભાવ હોય છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાથે ભવને પણ ભેળવવાથી કાર્યમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ એ પાંચેય સામગ્રીનો સુમેળ હોય છે. કોઇપણ કાર્ય પોતાના પુરુષાર્થથી જ થતું હોવા છતાં તે સમયે તે કાર્યને સાનુકૂળ એવી આ પાંચેય સામગ્રીનો સુમેળ પણ અવશ્ય હોય છે. પંચ પરાવર્તનરૂપ સંસાર અને તેના દુઃખોનો અંત આણવા માટે આત્મહિતના સમ્યગ્દર્શનરૂપી કાર્ય માટે પણ પોતાના પુરુષાર્થ સાથે આ પાંચેય સામગ્રીનો સુમેળ જરૂરી છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પંચ પરાવર્તનમાં પ્રાપ્ત વર્તમાન મનુષ્ય જીવનમાં સમ્યગ્દર્શનની સાધના માટે કાર્યકારી એવી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પાંચેય સામગ્રીનો સુમેળ છે. તે આ રીતે –

**૧. દ્રવ્ય : દ્રવ્યપરાવર્તન કે પુદ્‌ગલપરાવર્તનમાં આત્મહિત માટેનો સાનુકૂળ મનુષ્યનો દેહ એ જ દ્રવ્યરૂપ સામગ્રી છે.**

સાધક દશાની શરૂઆત એવી સમ્યગ્દર્શનથી માંડીને સાધક દશાની પૂર્ણતા એવી મોક્ષદશાની પ્રાપ્તિ મનુષ્યના દેહમાં સંભવે છે. વર્તમાન મનુષ્ય દેહમાં ઉત્તમ સંહનનનો અભાવ હોવાથી કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ અત્યારે નથી. તોપણ વર્તમાન મનુષ્ય દેહથી સાચી સમજણ થઇ શકે તેવું મન અને સંયમનું સાધન થઇ શકે તેવું "*સંહનન* છે. અને તેથી અત્યારનો મનુષ્ય જ્ઞાન-વૈરાગ્ય વડે સમ્યગ્દર્શનરૂપ આત્મહિત સાધી શકે છે અને તે ઉપરાંત શ્રાવક દશા અને મુનિદશા સુધી પણ પહોંચી શકે છે.

**૨. ક્ષેત્ર : ક્ષેત્રપરાવર્તનમાં આત્મહિત માટે સાનુકૂળ મનુષ્યનું ક્ષેત્ર એ જ ક્ષેત્રરૂપ સામગ્રી છે.**

આત્મહિત માટે મનુષ્ય ક્ષેત્ર આવશ્યક છે. મનુષ્ય ક્ષેત્રમાં પણ કર્મભૂમિ અને તેમાં પણ આર્યક્ષેત્ર હોય તો તેમાં સમ્યગ્દર્શનની સાધના થઇ શકે છે. વર્તમાનમાં આપણે કર્મભૂમિના આર્યક્ષેત્રમાં છીએ અને તે આત્મહિત માટે એકદમ અનુકૂળ છે.

**૩. કાળ : કાળપરાવર્તનમાં મનુષ્યપર્યાયનો આત્મહિત માટેનો યોગ્ય કાળ એ જ કાળરૂપ સામગ્રી છે.**

આત્મહિત માટે મનુષ્ય પર્યાયનો કાળ આવશ્યક છે. મનુષ્ય પર્યાયમાં પણ કલ્પકાળની અવસર્પિણીનો ચોથો કે પાંચમો અથવા ઉત્સર્પિણીનો બીજો કે ત્રીજો કાળ હોય તો તેમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ શકે છે. વર્તમાનમાં આપણને મનુષ્ય પર્યાય અને તેમાં પણ આત્મહિત માટે અનુકૂળ હોય તેવો અવસર્પિણીનો

પાંચમો કાળ ચાલે છે. આ કાળ આત્મહિત માટે નિકૃષ્ટ હોવા છતાં તેમાં આત્મહિતનો અભાવ નથી. તેથી વર્તમાન કાળ પણ આત્મહિત માટે ઉપયુક્ત જ છે.




**૪. ભવ : ભવપરાવર્તનમાં આત્મહિત માટે સાનુકૂળ મનુષ્યનો ભવ એ ભવરૂપ સામગ્રી છે.**

આત્મહિતની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. આ સમ્યગ્દર્શન કે તેના સંસ્કાર પ્રાપ્ત કરવા માટે અંતરંગ ઉપાદાન કારણ તરીકે સમજણ શક્તિ અને વિવેક બુદ્ધિની જરૂર રહે છે અને બહિરંગ નિમિત્ત કારણ તરીકે વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર અને જ્ઞાની ધર્માત્માની દેશનાની જરૂર રહે છે. આ બધી બાબતો મનુષ્યના ભવમાં હોય છે. વર્તમાન મનુષ્યના ભવમાં વીતરાગી દેવ નથી અને વીતરાગી ગુરુ પણ દુર્લભ છે તોપણ વીતરાગી સત્‌શાસ્ત્ર સુલભ છે અને તેથી આત્મહિતની સાધના શક્ય છે. આ કારણે મનુષ્યના ભવમાં નવીન સમ્યગ્દર્શન થઇ શકે છે અને કદાચિત્ સમ્યગ્દર્શન ન થાય તોપણ તે સમ્યક્ત્વ-સન્મુખતાના પરિણામના કારણે આત્મહિતના ગાઢ સંસ્કાર પડે તો તે પણ પછીના બીજા કોઇ ભવમાં કાર્યકારી થઇને તે સંસ્કારનાં બળે સમ્યગ્દર્શન પ્રાપ્ત થઇ શકે છે. પણ પૂર્વનાં સંસ્કાર વિના સાવ નવેસરથી જ સમ્યગ્દર્શન કે તેનાં સંસ્કાર પ્રાપ્ત કરવા હોય તો તે માટે મનુષ્યનો ભવ જરૂરી છે.

**૫. ભાવ : ભાવપરાવર્તનમાં આત્મહિત માટે સાનુકૂળ મનુષ્યનો ભાવ એ ભાવરૂપ સામગ્રી છે.**

આત્મહિતના સમ્યગ્દર્શન માટે પોતાના શુદ્ધ સ્વરૂપની સમજણ જરૂરી છે. આ સમજણ કરવાની શ્રેષ્ઠ સમજ શક્તિ મનુષ્યના ભાવમાં હોય છે. સમજણ પછી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવનારી વિવેકબુદ્ધિની પણ આવશ્યકતા હોય છે. આવી વિવેકબુદ્ધિની પૂર્ણતા પણ મનુષ્યના ભાવમાં હોય છે. તેથી આત્મહિત માટે સૌથી શ્રેષ્ઠ ભાવ મનુષ્યજીવનનાં ભાવમાં છે. પણ આવી સમજણ શક્તિ અને વિવેકબુદ્ધિનો ઉપયોગ સાંસારિક વેપાર- ધંધાના કાર્યને બદલે પારમાર્થિક સમ્યગ્દર્શનનાં કાર્યમાં થવો જરૂરી છે.



ઉપરોક્ત પ્રમાણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પંચ પરાવર્તનમાં આત્મહિતને સાનુકૂળ હોય તેવી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ સામગ્રી પોતાના વર્તમાન મનુષ્ય જીવનમાં છે. આત્મહિતરૂપ સમ્યગ્દર્શન સાધવા માટે માત્ર પોતાના પુરુષાર્થની જ ખામી છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવનાં પંચ પરાવર્તનરૂપ સંસારમાં મનુષ્યનો દેહ, મનુષ્યનું ક્ષેત્ર, મનુષ્ય પર્યાયનો કાળ, મનુષ્યનો ભવ અને મનુષ્યનો ભાવ અને તે પણ સઘળું આત્મહિતને સાનુકૂળ હોય તેવો સુમેળ ભાગ્યે જ પ્રાપ્ત થાય છે જે અત્યારે પોતાને સંપ્રાપ્ત છે. તેથી વર્તમાન મનુષ્ય જીવનમાં આત્મહિત સાધવાનો સવળો પુરુષાર્થ કરવામાં આવે તો આ પંચ પરાવર્તનરૂપ સંસાર અને તેના સઘળાં દુઃખોનો અંત આવી મોક્ષ અને તેના શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. આ જ પુરુષાર્થની પ્રેરણા આપતાં સ્વામીકાર્તિકેય કહે છે –

एवं अनादिकालं पञ्चप्रकारे भ्रमति संसारे ।
नानादुःखनिधाने जीवः मिथ्यात्वदोषेण ॥
इति संसारं ज्ञात्वा मोहं सर्वादरेण त्यक्त्वा ।
तं ध्यायत स्वस्वभावं संसरणं येन नश्यति ॥

**ભાવાર્થ :** આ પ્રમાણે મિથ્યાત્વ દોષના કારણે જ આ જીવ અનાદિકાળથી પંચપરાવર્તનરૂપ સંસારમાં ભમે છે. આ સંસાર અનેક પ્રકારના અનંત દુઃખોનું નિધાન છે. આ દુઃખમય સંસારના અભાવનો ઉપાય મનુષ્યજીવનમાં છે, તે જાણીને હે ભવ્યાત્મા ! હવે તું સંસાર પ્રત્યેના મોહને સર્વથા છોડ અને સર્વપ્રકારે સ્વરૂપ પ્રાપ્તિનો ઉદ્યમ કરીને સ્વસ્વરૂપનું એવું ધ્યાન કર કે જેથી આ પંચપરાવર્તનરૂપ સંસાર ભ્રમણનો શીઘ્ર નાશ થાય. (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : સંસારાનુપ્રેક્ષા : ગાથા ૭૨, ૭૩)

## ટિપ્પણ

**૧ સ્કંધ** પુદ્ગલ પરમાણુઓના બંધને સ્કંધ કહે છે. ● **૨ અબાધાકાળ** પૌદ્ગલિક કર્મના બંધનથી ઉદયમાં આવવા દરમ્યાનની કર્મની સ્થિતિના ગાળાને અબાધાકાળ કહે છે. ● **૩ છદ્મસ્થ** અલ્પજ્ઞ ● **૪ યુગપદ્** એકી સાથે. ● **૫ નગણ્ય** ગણત્રીમાં ન આવે તેવું. ● **૬ કોડાકોડી સાગર** એક કરોડ સાગરને એક કરોડ સાગરથી ગુણવાથી થતા કાળને કહે છે જે આશરે ૪.૧૩ × $૧૦^{૭૭}$ વર્ષ જેટલો હોય છે. ● **૭ અવધિ** મર્યાદા ● **૮ પાટડો** પરાવર્તનની ગણત્રી માટેનો એક અંશ કે ભાગ, પગથિયું. ● **૯ બટેર પક્ષી** એક વગડાઉ પક્ષી જે ખૂબ જ ચંચળ હોય છે. ● **૧૦ આત્યંતિક** છેવટનું, અંતિમ. ● **૧૧ સંહનન** હાડકાની મજબૂતાઇ.

## સંદર્ભ ગ્રંથો


**પ્રાસ્તાવિક** ૧. કવિશ્રી નત્થમલ બિલાલાકૃત સંસાર ભાવનાના આધારે ● ૨. ધવલ : ૪/૧, ૫,૪/૩૩૪/૭; ● ૩. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૫૬૦ની જીવ તત્ત્વપ્રદીપિકા ટીકા; ● ૪. જૈ. સિ. કોષ : ભાગ : ૪ : સંસાર : ૨/૮ પાનુ ૧૪૬; ● ૫. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૬૬; ● ૬. સર્વાર્થસિદ્ધિ : ૨/૧૦/૧૬૫/૨; ● ૭. મૂલાચાર : ગાથા ૭૦૪

૧. **દ્રવ્યપરાવર્તન** ૧. સર્વાર્થસિદ્ધિ : ૨/૧૦/૧૬૫/૨; ● ૨. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૫૬૦ની ટીકા; ● ૩. દ્વાદશાનુપ્રેક્ષા : ગાથા ૨૫; ● ૪. ભાવપાહુડ : ગાથા ૨૨, ૩૫; ● ૫. બૃહદ્ દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ની ટીકા ; ● ૬. ધવલ : ૪/૧, ૫, ૪/ ૩૨૫ થી ૩૩૩; ● ૭. જૈ. સિ. કોષ : ભાગ ૪ : સંસાર : ૨/૩ પાનુ ૧૪૭; ● ૮. ત્રિલોકસાર : ગાથા ૫૨ ● ૯. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૬૭.

૨. **ક્ષેત્રપરાવર્તન** ૧. તત્ત્વાર્થ સૂત્ર : અધ્યાય ૨, સૂત્ર ૧૦ની મુ. રામજીભાઈકૃત ટીકા; ● ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧/૨૦/૧૨/૭૬/૧૩; ● ૩. જૈ. સિ. કોશ : ભાગ ૩ : લોક : ૨/૫ પાનુ ૪૪૦; ● ૪. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૫૬૦ની ટીકા; ● ૫. સર્વાર્થસિદ્ધિ : ૨/૧૦/૧૬૫/૧૩; ● ૬. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ની ટીકા; ● ૭. ધવલ : ૪/૧,૫,૪/ગાથા ૨૩/૩૩૩; ● ૮. ભાવપાહુડ : ગાથા ૨૧, ૩૩, ૩૬, ૪૭; ● ૯. પરમાત્મપ્રકાશ : અધ્યાય ૧ : ગાથા ૬૫ની પ્રક્ષેપક ગાથા; ● ૧૦. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૬૮; ● ૧૧. દ્વાદશાનુપ્રેક્ષા : ગાથા ૨૬; ● ૧૨. બ્ર. રવિન્દ્રજીકૃત બાર ભાવના.

૩. **કાળપરાવર્તન** ૧. સર્વાર્થસિદ્ધિ : ૨/૧૦/૧૬૬/૬; ● ૨. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૫૬૦ની ટીકા; ● ૩. દ્વાદશાનુપ્રેક્ષા : ગાથા ૨૭; ● ૪. ધવલ : ૪/૧, ૫, ૪/ગાથા ૨૪/૩૩૩; ● ૫. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૬૯; ● ૬. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ની ટીકા; ● ૭. કવિશ્રી શોભાચંદ ભારિલ્લકૃત સંસાર ભાવના.

૪. **ભવપરાવર્તન** ૧. સર્વાર્થ સિદ્ધિ : ૨/૧૦/૧૬૭/૧; ● ૨. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૫૬૦ની ટીકા; ● ૩. દ્વાદશાનુપ્રેક્ષા : ગાથા ૨૮; ● ૪. ભાવપાહુડ : ગાથા ૨૪, ૩૨; ● ૫. ધવલ : ૪/૧,૫,૪/ગાથા ૨૫/૩૩૩; ● ૬. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૭૦; ● ૭. બૃહદ્ દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ની ટીકા ● ૮. છ ઢાળા : ઢાળ ૩ : ગાથા ૧૭.

૫. **ભાવપરાવર્તન** ૧. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૫૬૦ની ટીકા; ● ૨. સર્વાર્થસિદ્ધિ : ૨/૧૦/૧૬૭/૧૦; ● ૩. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૫૬૦ની ટીકા; ● ૪. દ્વાદશાનુપ્રેક્ષા : ગાથા ૨૯; ● ૫. ધવલ : ૪/૧,૫,૪/ગાથા ૨૬/૩૩૩; ● ૬. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૭૧ ● ૭. જૈ. સિ. કોશ : ભાગ ૪ : સંસાર : ૨/૭ પાનુ ૧૪૮; ● ૮. આત્માનુશાસન : ગાથા ૨૩૮.


## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. સંસારનો અર્થ શો છે ?** ૧. ☐

A. સંસરણ B. સ્ત્રી–પુત્ર–પરિવાર

C. પંચપરાવર્તન D. દુઃખ ભોગવવાનું સ્થાન

**૨. સંસારી જીવનું એક દ્રવ્યપરાવર્તન પુરું થયેલ ક્યારે કહેવાય ?** ૨. ☐

A. પરાવર્તનનાં પ્રથમ સમયે જેટલા અને જેવા પુદ્ગલોનું ગ્રહણ થયું હોય તે જ પુદ્ગલોનું તે જ પ્રકારે ફરીથી ગ્રહણ થાય ત્યારે

B. સઘળાં અગૃહિત, ગૃહિત અને મિશ્ર પુદ્ગલોનું ક્રમિક ગ્રહણ થાય ત્યારે

C. જગતનાં છયે દ્રવ્યોનું ક્રમિક ગ્રહણ થાય ત્યારે

D. સમ્યગ્દર્શન થાય ત્યારે

**૩. દ્રવ્યપરાવર્તન પુરા થવાનો અનંતકાળ એ કયા પ્રકારનો અનંત છે ?** ૩. ☐

A. અક્ષય અનંત

B. સક્ષય અનંત

C. અનાદિ–અનંત

D. આદિ–અનંત

**૪. અજ્ઞાની જીવની માન્યતા મુજબ મનુષ્ય દેહની મહત્તા શા માટે છે?** ૪. ☐

A. મનુષ્યદેહમાં અદેહી સિદ્ધદશાની પ્રાપ્તિની યોગ્યતા

B. મનુષ્ય દેહમાં સંયમ અને સદાચારની યોગ્યતા

C. પાંચ ઈન્દ્રિયોની પૂર્ણતા અને તેના વિષયોની સુલભતા

D. સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતા

**૫. સંસારી જીવનું ક્ષેત્રપરાવર્તન કોને કહે છે?** ૫. ☐

A. સિદ્ધશિલા સિવાયના લોકાકાશનાં દરેક પ્રદેશે જન્મ પામે તેને

B. સંપૂર્ણ લોકાકાશનાં પ્રત્યેક પ્રદેશે ક્રમપૂર્વક જન્મ ધારણ કરે તેને

C. આઠ રુચક પ્રદેશ સિવાયના આકાશનાં દરેક પ્રદેશે ક્રમપૂર્વક જન્મ ધારણ કરે તેને

D. લોકાકાશનાં મધ્યના આઠ પ્રદેશો સિવાયના બાકીના દરેક પ્રદેશે ક્રમપૂર્વક જન્મ પામે તેને

**૬. ક્ષેત્રપરાવર્તનમાં મનુષ્યક્ષેત્રની મહત્તા શી ?** ૬. ☐

A. મનુષ્યક્ષેત્રમાં ભોગોપભોગની સુવિધા

B. મનુષ્યક્ષેત્રમાં મનુષ્યનો અવતાર અતિદુર્લભ

C. મનુષ્યક્ષેત્ર એકદમ નાનું અને નગણ્ય

D. મનુષ્યક્ષેત્રમાં આત્મહિતની સાનુકૂળતા

**૭. સંસારી જીવનું કાળ પરાવર્તન કોને કહે છે ?** ૭. ☐

A. ઉત્સર્પિણી કે અવસર્પિણીનાં પ્રથમથી અંતિમ સમયે ક્રમપૂર્વક જન્મ પ્રાપ્ત કરે તેને

B. એક જ કલ્પકાળના પ્રથમથી અંતિમ

સમયે ક્રમપૂર્વક જન્મ પ્રાપ્ત કરે તેને
C. જુદા જુદા કલ્પકાળના પ્રથમથી અંતિમ સમયે ક્રમપૂર્વક જન્મ પ્રાપ્ત કરે તેને
D. પ્રત્યેક આરાના પ્રથમથી અંતિમ સમયે ક્રમપૂર્વક જન્મ પ્રાપ્ત કરે તેને

**૮. કાળપરાવર્ન દરમ્યાન ગણત્રીમાં આવે તેવા પ્રથમથી બીજા સમયે જન્મ લેવા ઓછામાં ઓછો કેટલો કાળ જોઈએ ?** ૮. ☐
A. દશ ક્રોડાક્રોડી સાગર
B. વીસ ક્રોડાક્રોડી સાગર
C. અનંતકાળ
D. અંતર્મુહૂર્ત

**૯. કાળપરાવર્તનમાં મનુષ્યના કાળની મહત્તા શી છે?** ૯. ☐
A. મનુષ્યપર્યાય અને તેમાંય આત્મહિતને યોગ્ય કાળ પ્રાપ્ત થયો તે
B. કલ્પકાળના કોઈપણ કાળમાં મનુષ્યપર્યાય પ્રાપ્ત થવી તે
C. મનુષ્યપર્યાય અને તેમાંય કર્મભૂમિનો કાળ પ્રાપ્ત થવો તે
D. મનુષ્યપર્યાય અને તેમાંય ભોગભૂમિનો કાળ પ્રાપ્ત થવો તે

**૧૦. વર્તમાન મનુષ્યજીવનનો કાળ આત્મહિત માટે કેવો છે?** ૧૦. ☐
A. અનુકૂળ B. પ્રતિકૂળ
C. ઉત્કૃષ્ટ D. અનન્ય

**૧૧. સંસારી જીવનું ભવપરાવર્તન કોને કહે છે ?** ૧૧. ☐
A. નરકાદિ ભવોના જઘન્યથી ઉત્કૃષ્ટ આયુષ્યના દરેક પાટડે તે પાટડાના જેટલા સમયો હોય તેટલી વાર ક્રમિક જન્મવારૂપભ્રમણને
B. ચારેય ગતિના દરેક ભવ અનંતવાર કરે તેને
C. દરેક પ્રકારના દેહમાં કે ભવમાં સતત ભમે તેને
D. ચોરાશી લાખ યોનિમાં ક્રમિક જન્મવારૂપ ભ્રમણને

**૧૨ ભવપરાર્વન માટે દેવગતિનું આયુષ્ય કેટલું લેવામાં આવે છે?** ૧૨. ☐
A. ૩૧ સાગર B. ૩૩ સાગર
C. ત્રણ પલ્ય D. દશ હજાર વર્ષ

**૧૩. ભવપરાવર્તનમાં મનુષ્યના ભવની મહત્તા શી છે ?** ૧૩. ☐
A. મનુષ્યનો ભવ ભાગ્યેજ પ્રાપ્ત થાય છે
B. મનુષ્યના એક ભવમાં અનંત ભવભ્રમણને ટાળવાનો ઉપાય છે
C. મનુષ્યના ભવમાં વીતરાગી સત્દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપલબ્ધિ છે
D. મનુષ્યના ભવમાં ભોગોપભોગની સુલભતા છે

**૧૪. સંસારી જીવનું ભાવપરાવર્તન કોને કહે છે ?** ૧૪. ☐
A. નિગોદના કારણભૂત નિકૃષ્ટભાવમાંથી નવમીગ્રૈવેયકના કારણભૂત ઉત્કૃષ્ટભાવસુધીજીવ ક્રમિક રીતે પસાર થાયતેને
B. પ્રત્યેકપ્રકારના સ્થિતિ-અનુભાગ-પ્રદેશ-પ્રકૃતિના સ્થાનોમાંથી જીવ ક્રમિકપણે પસાર થાય તેને
C. કોઈ કર્મસંબંધી જઘન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિના દરેક પાટડે તેના સ્થિતિ અને અનુભાગના કારણભૂત કષાયના સ્થાનો અને પ્રદેશ-પ્રકૃતિના કારણભૂત યોગના સ્થાનોમાંથી જીવ ક્રમિક રીતે પસાર થાય તેને
D. સાધકદશાની શરૂઆતથી માંડીને તેની પૂર્ણતા સુધીના દરેક ભાવોમાંથી જીવ ક્રમિક રીતે પસાર થાય તેને

**૧૫. કર્મબંધના ચાર પ્રકાર કયા ?** ૧૫. ☐
A. ઔદારિક-ઔપશમિક-ક્ષાયોપશમિક-ક્ષાયિક
B. જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય-અંતરાય
C. અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાનાવરણીય-પ્રત્યાખ્યાનવરણીય-સંજ્જવલન
D. પ્રદેશ-પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ

**૧૬. ભાવપરાવર્તનનું દુઃખ મુખ્યત્વે કયું હોય છે ?** ૧૬. ☐
A. જન્મ અને મરણ
B. છેદન-ભેદન અને વધ-બંધન
C. પુણ્યોદયજન્ય અને પાપોદયજન્ય
D. માનસિક અને સ્વભાવપ્રતિઘાત

**૧૭. ભાવપરાવર્તનમાં આત્મહિતને યોગ્ય મનુષ્યના કયા ભાવની મહત્તા છે ?** ૧૭. ☐
A. શુભ અને અશુભ
B. જ્ઞાન અને વૈરાગ્ય
C. સમજણ અને વિવેક
D. સંયમ અને સદાચાર

**૧૮. ભાવપરાવર્તનના અભાવના કારણભૂત સદ્ભાવના કઈ?** ૧૮. ☐
A. શુભભાવરૂપ
B. સમ્યક્ત્વાદિરૂપ
C. સંયમરૂપ
D. સદાચારરૂપ

**૧૯. આત્મહિતને યોગ્ય હોય તેવી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ સામગ્રી ભરત ક્ષેત્રના કયા કાળના મનુષ્યજીવનમાં હોય છે. ?** ૧૯. ☐
A. વર્તમાન પંચમકાળ
B. આગામી છઠ્ઠાકાળ
C. ભૂતકાળની ભોગભૂમિ
D. દરેક કાળ

**૨૦. વર્તમાન મનુષ્યજીવનમાં પોતાના આત્મહિત માટે શેની ખામી છે ?** ૨૦. ☐
A. પોતાના પુરુષાર્થની
B. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની
C. સાનુકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની
D. પુણ્યના ઉદયની

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નો એક કે બે વાકયોમાં ટૂંકા જવાબ આપો.**

૧. સંસાર શું છે ?
૨. સંસારરૂપી ચક્રના ભ્રમણના ત્રણ પ્રકાર જણાવો.
૩. પાંચ પરાવર્તનનાં નામ આપો.
૪. દ્રવ્યપરાવર્તન કોને કહે છે ?
૫. દ્રવ્યપરાવર્તનનું બીજું નામ શું છે ? કઈરીતે ?
૬. નોકર્મ કોને કહે છે ?
૭. કર્મ કોને કહે છે ?
૮. દ્રવ્યપરાવર્તનના બે પ્રકારના નામ આપો.
૯. એક દ્રવ્યપરાવર્તન પુરો થયેલ કયારે કહેવાય ? તેમાં કેટલો કાળ જોઈએ ?
૧૦. કઈસંખ્યાને સંખ્યાત કહેવામાં આવે છે ?
૧૧. કઈસંખ્યાને અસંખ્યાત કહેવામાં આવે છે ?
૧૨. સંસારી જીવ કોને વશ થઈને પુદ્ગલપરાવર્તન પામે છે ?
૧૩. ક્ષેત્રપરાવર્તન કોને કહે છે ?
૧૪. સ્ચક પ્રદેશ કોને કહે છે ?
૧૫. ક્ષેત્રપરાવર્તનનો અંત આણી લોકાગ્ર શિખર ઉપર સ્થિરદશાનો ઉપાય શો છે ?
૧૬. કાળ પરાવર્તન કોને કહે છે ?
૧૭. ઉત્સર્પિણી કાળ કોને કહે છે ?
૧૮. અવસર્પિણી કાળ કોને કહે છે ?
૧૯. કલ્પકાળ કોને કહે છે ?
૨૦. ત્રસ અવસ્થામાં મનુષ્યના વધુમાં વધુ કેટલા ભવ મળે છે ?
૨૧. આત્મહિતને સાનુકૂળ મનુષ્યનો કાળ કેટલા કાળે કેવી રીતે પ્રાપ્ત થાય છે ?
૨૨. ભવપરાવર્તન કોને કહે છે ?
૨૩. ભવ કોને કહે છે ?
૨૪. સંસારની ચાર ગતિ કોને કહે છે ?
૨૫. મનુષ્યભવનો દુરુપયોગ કઈરીતે છે ?
૨૬. મનુષ્યભવનો સદુપયોગ કઈરીતે છે ?
૨૭. મોક્ષમહેલનું પ્રથમ પગથિયું શું છે ?
૨૮. ભાવપરાવર્તન કોને કહે છે ?
૨૯. પાંચ પરાવર્તનમાં પ્રમુખ કોણ ? કઈરીતે ?
૩૦. સંસારી જીવનો કેવો ભાવ એ ભાવપરાવર્તન છે ?
૩૧. સંસારી જીવનું ભાવપરાવર્તન સમજવા માટે શેનો આધાર લેવામાં આવે છે ?
૩૨. પ્રદેશબંધ કોને કહે છે ?
૩૩. પ્રકૃતિબંધ કોને કહે છે ?
૩૪. સ્થિતિબંધ કોને કહે છે ?
૩૫. અનુભાગબંધ કોને કહે છે ?
૩૬. જીવના સુખ–દુઃખ, બંધ–મોક્ષાદિનું કારણ શું છે ?
૩૭. અનાદિની મિથ્યાત્વાદિક દુર્ભાવનાના ત્યાગથી કોનો ત્યાગ છે ?

## નીચનો આપેલ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. પંચપરાવર્તનનો કાળ અપેક્ષાનો ક્રમ સમજાવો.
૨. પોતાના આત્મહિત માટે જરૂરી નિશ્ચયથી અને વ્યવહારથી કયા કારણો હોય છે તે સમજાવો.
૩. નોકર્મદ્રવ્યપરાવર્તન સમજાવો.
૪. કર્મદ્રવ્યપરાવર્તન સમજાવો.
૫. એક દ્રવ્યપરાવર્તન પુરુ કરવામાં અનંતકાળ કઈ રીતે જોઈએ છે ?
૬. અનંતના બે પ્રકાર સમજાવો.
૭. સંસારી અજ્ઞાની જીવે દ્રવ્યપરાવર્તન અનંતવાર પૂરા કઈ રીતે કર્યા છે ?.
૮. દ્રવ્યપરાવર્તનનું દુઃખ સમજાવો.
૯. દ્રવ્યપરાવર્તનમાં મનુષ્યદ્રવ્યની દુર્લભતા સમજાવો.
૧૦. દ્રવ્યપરાવર્તનમાં મનુષ્યદ્રવ્યની મહત્તા સમજાવો.
૧૧. ક્ષેત્રપરાવર્તન સમજાવો.
૧૨. એક ક્ષેત્રપરાવર્તન પૂરુ થતા દ્રવ્યપરાવર્તન કરતાંય અનંતગણો અધિક કાળ કઈરીતે છે ?
૧૩. ક્ષેત્રપરાવર્તનનું દુઃખ સમજાવો.
૧૪. ક્ષેત્રપરાવર્તનમાં મનુષ્યક્ષેત્રની મહત્તા સમજાવો.
૧૫. ક્ષેત્રપરાવર્તનની સમજૂતી આપો.
૧૬. કાળપરાવર્તનની સમજૂતી આપો.
૧૭. કાળપરાવર્તન પૂરું થતાં ક્ષેત્રપરાવર્તન કરતાંય અનંતગણો અધિક કાળ કઈરીતે જોઈએ છે ?
૧૮. કાળપરાવર્તનનું દુઃખ સમજાવો.
૧૯. કાળપરાવર્તનમાં મનુષ્યકાળની દુર્લભતા સમજાવો.
૨૦. કાળપરાવર્તનમાં મનુષ્યકાળની મહત્તા સમજાવો.
૨૧. નરકગતિના ભવપરાવર્તનની સમજૂતી આપો.
૨૨. એક ભવપરાવર્તન પૂરું થતાં કાળપરાવર્તન કરતાંય અનંતગણો અધિક કામ કઈરીતે જોઈએ છે ?
૨૩. ભવપરાવર્તનનું દુઃખ સમજાવો.
૨૪. ભવપરાવર્તનમાં મનુષ્યભવની દુર્લભતા સમજાવો.
૨૫. ભવપરાવર્તનમાં મનુષ્યભવની મહત્તા સમજાવો.
૨૬. જ્ઞાનાવરણીયકર્મ સંબંધી ભાવપરાવર્તનની સમજૂતી આપો.
૨૭. એક ભાવપરાવર્તન પૂરું થતાં ભવપરાવર્તન કરતાંય અનંતાનંતગણો અધિક કાળ કઈરીતે જોઈએ છે ?
૨૮. ભાવપરાવર્તન એ વાસ્તવિકતા કઈરીતે છે ?
૨૯. ભાવપરાવર્તનનું દુઃખ સમજાવો.
૩૦. ભાવપરાવર્તનમાં મનુષ્યના ભાવની દુર્લભતા સમજાવો.
૩૧. ભાવપરાવર્તનમાં મનુષ્યના ભાવની મહત્તા સમજાવો.
૩૨. વર્તમાન મનુષ્યજીવનમાં સમ્યગ્દર્શનની સાધના માટે પંચપરાવર્તનની પાંચેય સામગ્રીનો સુમેળ કઈ રીતે છે ? તે સમજાવો.
૩૩. પંચપરાવર્તનના અભાવનો ઉપાય સ્વામિકાર્તિકેય કઈ રીતે આપે છે ?

## વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. પ્રકરણમાં આવતાં કાવ્યોનું સમૂહગાન કરો.
૨. અલગ અલગ જુથમાં પ્રત્યેક પરાવર્તનનો પ્રોજેકટ તૈયાર કરો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. ભાવપરાવર્તન નિશ્ચય સંસાર છે અને તેનમાં બાકીના પરાવર્તનો અનંતાનંત સમાય જાય છે તે વિસ્તારથી સમજાવો.
૨. પંચપરાવર્તનરૂપ સંસારમાં મનુષ્યજીવનની મહત્તા વિષે વિશદ માહિતિ આપો.